**આજનો સુવિચાર**

કોઈનું અપમાન કરતા પહેલા વિચારો કે તમે તમારું માન ગુમાવી રહ્યા છો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૦ જૂનાગઢ તા.૧૦-૦૪-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 100, Junagadh : Date : 10 April, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ધોરાજીનાં પટેલ પરિવારની કાર ભાદર નદીમાં ખાબકી : ચારનાં કરૂણ મોત

ધોરાજી,તા.૧૦

ધોરાજીમાં આજે સવારના ટાયર ફાટતા કાર ભાદર નદીમાં ખાબકતા સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ચાર વ્યકિતઓના ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મોત નિપજેલ છે.

જેના પગલે કરૂણાંતિકા સર્જાઈ જવા પામેલ છે અકસ્માતની આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો, પાલિકાનો ફાયરબ્રિગેડ સ્ટાફ તાબડતોબ ઘટના સ્થળે દોડી જવા પામેલ હતો. આ બનાવ અંગે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ કરૂણાંતિકામાં ધોરાજીના દંપતી અને તેની પુત્રી સહિત ચાર વ્યકિતઓના મોત થતા આ વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામેલ છે. ધોરાજીનો આ પરિવાર માંડાસણ ગામે આયોજિત સોમયજ્ઞમાં ભાગ લઈ પરત ફરી રહ્યો હતો.

આ દરમ્યાન ધોરાજીમાં ભાદર નદીના પુલ પર આઈ-૨૦ કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા આ અકસ્માતની આ ઘટના બની હતી. આ બનાવ અંગે મળતી સીલસીલાબંધ વિગતો એવા પ્રકારની છે કે ધોરાજીમાં આજે સવારના રોયલ સ્કૂલ પાસે પટેલ પરિવારની આઈ-૨૦ કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ભાદર નદીમાં ખાબકી હતી.

જેમાં સંગીતાબેન પ્રવીણભાઈ કોયાણી (ઉ.વ.૫૫) (રહે. ખરાવાડ પ્લોટ, ધોરાજી), લીલાવંતીબેન દિનેશભાઈ હુંમર (ઉ.વ.૫૨) (રહે. શ્રીનાથજી સોસાયટી, ધોરાજી) દિનેશભાઈ દામજીભાઈ હુંમર (ઉ.વ.૫૫) અને હાર્દીકાબેન દિનેશભાઈ હુંમર (ઉ.વ.૨૦)ના ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મોત નિપજયા હતા.




આ ઘટના ઘટતા ધોરાજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્રભાઈ, સાગર સોલંકી તેમજ પોલીસ તેમજ ફાયરબ્રિગેડનો કાફલો તાલુકા મામલતદાર અને મરનારના પરિવારજનો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

તેમજ તરવૈયાઓની મદદ લઈ ભાદર નદીમાંથી ચારેય મૃતદેહો બહાર કાઢી માનવ સેવા યુવક મંડળ દ્વારા એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહોને સ્થાનિક સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. આ કરૂણાંતિકામાં ધોરાજીના એક જ પરિવારના ચાર વ્યકિતઓના મોત નિપજતા હુંમર પરિવારમાં ભારે ગમગીની પ્રસરી જવા પામી છે. આ અકસ્માતમાં મરનાર હાર્દિકાબેન હુંમર (ઉ.૨૦)ની થોડા સમય પૂર્વે જ સગાઈ કરવામાં આવી હોવાનું ખુલ્યું છે. જયારે મરનાર દંપતીના પુત્ર વડોદરા ખાતે અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

## ગુજરાત સરકારને બખ્ખા.. વર્ષ ૨૦૨૩-૨૪માં સ્ટેમ્પ ડ્યુટી - રજીસ્ટ્રેશન ફીની રૂા.૧૩૭૩૧ કરોડની આવક થઈ : ૧૮.૧૫ લાખ દસ્તાવેજ નોંધાયા

ગાંધીનગર તા.૧૦: જંત્રીમાં વધારો અને પ્રોપર્ટીના દસ્તાવેજોની મજબૂત નોંધણીને પગલે, ગુજરાત સરકારની સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાંથી આવકમાં ૨૦૨૩-૨૪માં પાછલા વર્ષ કરતાં ૬૦ ટકાનો વધારો થયો છે. સરકારે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીના રૂપમાં રૂ. ૧૩,૭૩૧.૬૩ કરોડની આવક મેળવી હતી, તેમ છતાં ૨૦૨૩-૨૪માં મિલકતના દસ્તાવેજોની સંખ્યા ૧૮.૨૬ લાખ નોંધાઈ હતી, જે પાછલા વર્ષ કરતાં ૩૫ ટકા વધુ છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૦૨૨-૨૩ માટે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની આવક રૂ. ૮,૫૫૯.૬૫ કરોડ હતી.તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો અહેવાલ જણાવે છે.

૨૦૨૩-૨૪ માટે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણીમાંથી આવકમાં વધારો રૂ. ૫,૧૭૧.૯૭ કરોડ હતો, જેમાં સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૪,૪૪૭.૮૭ કરોડ અને નોંધણી ફી ઘટક રૂ. ૭૨૪.૧૦ કરોડ હતી. નોંધાયેલા દસ્તાવેજોની સંખ્યાની વાત કરીએ તો, ૨૦૨૩-૨૪માં ૧૮,૨૬,૩૦૬ મિલકતના દસ્તાવેજો નોંધાયા હતા, જયારે અગાઉના વર્ષમાં નોંધાયેલા ૧૩,૪૩,૧૪૩ મિલકતના દસ્તાવેજો હતા. ૨૦૨૩-૨૪માં, ૪,૮૩,૧૬૩ વધુ દસ્તાવેજો નોંધાયા હતા, જે પાછલા વર્ષની સરખામણીમાં ૩૫.૯૭% વધુ છે. સ્ટેમ્પના અધિક્ષક જેનુ દેવને જણાવ્યું હતું કે ૨૦૨૩-૨૪ માટે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાંથી રેકોર્ડબ્રેક આવક એ જંત્રીના સુધારા અને મિલકતના વ્યવહારોની સંખ્યામાં ભારે વધારો બંનેનું પરિણામ છે. 'સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાંથી આવકમાં પ્રભાવશાળી વધારો ઉચ્ચ મિલકત વ્યવહારો અને જંત્રી સુધારણાને કારણે છે. અમે ડેટાનું વિગતવાર વિશ્લેષણ કરી રહ્યા છીએ અને સિસ્ટમને વધુ કાર્યક્ષમ બનાવવાની રીતો ઘડીશું,'

## મોરબીમાં પાટીદાર સમાજનાં મહાસંમેલનમાં કાજલ હિન્દુસ્તાનીને "કાફર પાકિસ્તાની"નું ઉપનામ અપાયું : સમગ્ર સમાજ લાલઘુમ



મોરબી તા. ૧૦

કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ પર કરેલી ટિપ્પણીનો વિવાદ વધુને વધુ વકરી રહ્યો છે. અગાઉ પોલીસ સ્ટેશનમાં અરજી કરવા ઉપરાંત પાટીદાર સમાજે રેલી કાઢી આવેદન પાઠવી માફીની માગ કરી હતી. છતાં કાજલ હિંદુસ્તાનીએ માફી નહિ માંગતા આજે પાટીદાર સમાજે મહાસંમેલન યોજ્યું હતું. જેમાં કાજલ હિંદુસ્તાની માફી ના માગે ત્યાં સુધી પાટીદાર સમાજના સ્ટેજ પર સ્થાન નહિ આપવા તેમજ કોર્ટમાં ૧૫ અલગ અલગ ફરિયાદ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયારે પાટીદાર સમાજના અગ્રણીએ કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાનીનું ઉપનામ આપ્યું હતું. મોરબીના બાપા સીતારામ ચોકમાં પાટીદાર સમાજનું મહાસંમેલન યોજાયું હતું. જેમાં પાટીદાર સમાજનાં ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમાજના અગ્રણીઓ, સંસ્થાના અગ્રણીઓ અને સિરામિક એસો.ના હોદ્દેદારો સહિતના આગેવાનો મહાસંમેલનમાં જોડાયા હતા. જે સંમેલનમાં કાજલ હિંદુસ્તાનીએ કરેલી અભદ્ર ટિપ્પણી અંગે રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો. પાટીદાર સમાજે એકસૂરે માફીની માગ કરી હતી. જે મહાસંમેલન અંગે પાટીદાર અગ્રણી ટી.ડી.પટેલે જણાવ્યું હતું કે, કાજલ હિંદુસ્તાનીએ હિન્દુની દીકરી થઈને હિંદુ દીકરીઓ પર જે વાણીવિલાસ કર્યો છે જે હિંદુ સંસ્કૃતિનાં લક્ષણ નથી. આજથી અમે કાજલ હિંદુસ્તાનીને કાફર પાકિસ્તાની કહીશું. તેમજ જ્યાં સુધી માફી નહિ માંગે ત્યાં સુધી પાટીદાર સમાજના એકપણ કાર્યક્રમમાં સ્ટેજ પર સ્થાન ના આપવું તેવી પાટીદાર સમાજને અપીલ કરી હતી.

ઉમા મહિલા સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ, સરોજબેન મારડિયાએ જણાવ્યું હતું કે, સુરતની સભામાં કાજલ હિંદુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ અને કોલેજની વિદ્યાર્થિનીઓ પર જે ગંભીર આક્ષેપો કર્યા તે નિંદનીય છે. આવી ઘટના મોરબીમાં બની જ નથી. કાજલબેન ભૂલ થઈ છે તે સ્વીકારી લો, મોટા અગ્રણીઓ પોતાના નિવેદન પરત લેતા હોય છે તો તેઓ કેમ માફી માંગતાં નથી. ભૂલ સ્વીકારી માફી માંગે તેવી પાટીદાર સમાજની માગ છે.

ભૂલ નહિ સ્વીકારે તો આવનાર દિવસોમાં વડીલો અને આયોજકો જે કાર્યક્રમો યોજશે તેમાં સમાજ સાથે રહેશે.

મોરબી સિરામિક એસો. પ્રમુખ મુકેશ કુંડારિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર દીકરીઓ પર ટિપ્પણી અંગે પાટીદાર સમાજે રેલી યોજી માફીની માગ કરી હતી છતાં માફી નહિ માંગતા આજે મહાસંમેલન યોજાયું હતું. માફી ના માંગે તો કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવશે. આવનાર દિવસોમાં ૧૫ જેટલા પાટીદાર યુવાનો કેસ દાખલ કરશે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## મધ્યપ્રદેશમાં બૈતુલ લોકસભા બેઠકનાં ઉમેદવારનું મોત : ચૂંટણી સ્થગિત

ભોપાલ,તા. ૧૦: મધ્યપ્રદેશના બેતુલ લોકસભા બેઠકના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર અશોક ભલાવીનું હાર્ટ એટેકથી નિધન થયું છે. અહેવાલો અનુસાર, બપોરે તેમને છાતીમાં દુઃખાવો ઉપડ્યો થયો હતો. ત્યારબાદ પરિવારજનો અશોક ભલાવીને નજીકની હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. જેના કારણે આ બેઠક પરની ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે.

## આવતીકાલે જયપુરમાં કોંગ્રેસની મહારેલી

જયપુર તા. ૧૦

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધી અને અન્ય નેતાઓ શનિવારે જયપુરમાં પાર્ટીની ચૂંટણી રેલીને સંબોધશે. પાર્ટીના પ્રવક્તાએ કહ્યું, 'સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે આવતીકાલે જયપુરમાં એક મોટી જાહેર સભા કરશે અને લોકોને પાર્ટીના મેનિફેસ્ટો વિશે જણાવશે. આવતીકાલની જાહેર સભાને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે. આ રેલી જયપુરના વિદ્યાધર નગર સ્ટેડિયમમાં યોજાશે.

## ખંભાળીયામાં પાટીલની હાજરીમાં થયેલા વિરોધ પાછળ હકુભાનું નામ આવતા ખળભળાટ

અમદાવાદ તા. ૧૦: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ભાજપના કાર્યાલયના ઉદઘાટન દરમિયાન પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ક્ષત્રિય સમાજના વિરોધ અને કાળા ઝંડા ફરકાવવાની ઘટનાએ ભાજપને આ અંગે તપાસ શરૂ કરવાની ફરજ પાડી છે.

અમદાવાદ મિરરના એક અહેવાલ અનુસાર ભાજપના કાર્યક્રમ દરમિયાન કાળા વાવટા, ખુરશીઓ ફેંકવા, તોડફોડ અને હલ્લાબોલ જેવી ઘટના પાછળ ક્ષત્રિય નેતા અને સ્થાનિક દિગ્ગજ નેતા હકુભા જાડેજા અને તેમના ટેકેદારોની સંડોવણી હોઈ શકે કે કેમ એ અંગે ભાજપે તપાસ શરૂ કરી છે.

ગત ચૂંટણી નહિ લડનાર અને પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી હકુભા જાડેજા અંગે પક્ષના સૂત્રોએ હાલાર, ખંભાળીયા અને દેવભૂમિ દ્વારકા વિસ્તારના નેતાઓની પૂછપરછ હાથ ધરી છે. ભાજપનું નેતૃત્વ એ બાબતને લઈને ચિંતીત અને મુંઝવણમાં છે કે એ વિસ્તારમાં જબ્બર પ્રભાવ ધરાવતા હકુભા જાડેજાની હાજરી હોવા છતાં આ ઘટના બનવા પામી હતી. તેઓ હવે પ્રશ્ન કરે છે કે શું આ પ્રસંગ ખંભાળીયા યાર્ડ અને જીલ્લા પંચાયત ઉપર વર્ચસ્વ ધરાવતા ક્ષત્રિય નેતાઓ દ્વારા ગોઠવવામાં આવ્યો હતો કે કેમ ? ક્ષત્રિય નેતા અને સ્થાનિક હેવીવેઈટ હકુભા જાડેજા અને તેમના સમર્થકોની ભાજપની ઘટનાને બરબાદ કરવામાં સામેલગીરી હશે કે કેમ એ અંગે ઉંડી તપાસ શરૂ થઈ છે.

## છત્તિસગઢનાં દૂર્ગ જીલ્લામાં બનેલી ઘટના : ૪૦ કર્મચારીઓને લઈ જતી બસ ખીણમાં ખાબકતા ૧૨ કર્મચારીનાં મોત

દુર્ગ,તા. ૧૦: દુર્ગ જિલ્લામાં કેડિયા ડિસ્ટીલરીના ૪૦ કર્મચારીઓને લઈને કુમ્હારીથી ભિલાઈ પરત ફરી રહેલી બસ ગતરાત્રે ખાણમાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૨ કૃમચારીઓનાં મોત થયા છે, જયારે ૧૬ લોકો ગંભીર રીતે ઘાયલ છે. ડીઆરએફ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. પોલીસના જણાવ્યા અનુસાર, બસ પરત ફરતી વખતે મુરુમ ખાણમાં ૫૦ ફૂટ નીચે પડી હતી.

ખીણમાંથી બહાર કાઢવામાં આવેલા ઘાયલોની તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી છે. કેટલાક લોકો બસની નીચે દટાયા છે. રેસ્ક્યુ ટીમ કેટલાક લોકોને બહાર કાઢીને હોસ્પીટલ લઈ ગઈ હતી. આ અકસ્માત ફેકટરીથી અડધા કિલોમીટરના અંતરે થયો હતો. ગંભીર રીતે ઘાયલોને રાયપુર મોકલવામાં આવ્યા છે. તેમજ કેટલાક લોકોને પ્રાથમિક સારવાર માટે ધામડાના આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યા છે. કુમ્હારી, ભિલાઈ અને રાયપુરના પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

## દિલ્હી હાઈકોર્ટમાંથી રાહત નહી મળતા કેજરીવાલે સુપ્રિમનાં દ્વાર ખખડાવ્યા

નવી દિલ્હી તા. ૧૦

શરાબકાંડમાં હાલ જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તેમની ધરપકડ સામે દિલ્હી હાઈકોર્ટે કોઈ રાહત નહી આપતા હવે તેઓએ સુપ્રીમ કોર્ટમાં આ ધરપકડને પડકારી છે. દિલ્હી હાઈકોર્ટે ગઈકાલે એક ચૂકાદામાં કેજરીવાલની ધરપકડ માટે એન્ફોર્સમેન્ટ વિભાગ પાસે પુરતા પુરાવા હોવાનું અને મુખ્યમંત્રીને આ પ્રકારના કેસમાં કોઈ વિશેષાધિકાર પણ નહી હોવાનું જણાવીને કેજરીવાલની અરજી ફગાવી હતી હવે આજે તેઓની અરજી પર સુનાવણી અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય લેશે. ગત તા.૨૧ માર્ચના દિલ્હી હાઈકોર્ટે જ કેજરીવાલની ધરપકડ પુર્વે રાહત આપવાનો ઈન્કારકર્યો હતો.

## રૂપાલાનાં વિરોધમાં આજે ત્રણ જીલ્લામાં ક્ષત્રીયોનું મહાસંમેલન

અમદાવાદ તા. ૧૦

ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો વિવાદ દિવસે દિવસે વધી રહ્યો છે. જેના ભાગરૂપે આજે ૧૦ એપ્રિલને બુધવારે પાટણ ખાતે બનાસકાંઠા, મહેસાણા, પાટણ એમ ત્રણ જિલ્લાના ક્ષત્રિયોનું અસ્મિતા અને સ્વાભિમાન સંમેલન યોજાઈ રહ્યું છે. જેમાં ત્રણેય જિલ્લામાંથી અંદાજે ૫૦૦૦ જેટલા ક્ષત્રિયો એકઠા થઈને રૂપાલાનો વિરોધ કરશે. આગામી સમયમાં રાજકોટ ખાતે પણ વિવિધ આશ્ચર્યજનક કાર્યક્રમ આપી વિરોધ નોંધાવશે. ૧૦ એપ્રિલના બુધવારે બપોરે ત્રણ કલાકે પાટણ શહેરના વાળીનાથ ચોક કેનાલ રોડ ઉપર આવેલ દાનસિંહજી જાડેજા રાજપૂત છાત્રાલય ખાતે ક્ષત્રિય અસ્મિતા અને સ્વાભિમાન સંમેલનમાં પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાનાં ક્ષત્રિય ભાઈઓ-બહેનો, માતા, વડીલો એકઠા થઈને ભાજપ અને રૂપાલા સામેનો વિરોધ ઉગ્ર બનાવશે.

## ૪૦ બેઠકો પર ભાજપ માટે ખતરાની ઘંટી : ભાજપની બેઠકોનો આંકડો ૨૬૩ પર અટકી જશે?


નવી દિલ્હી, તા.૧૦: લોકસભા ચૂંટણીને લઈને ભાજપ પુરી તાકાતથી વ્યસ્ત છે. પીએમ મોદી વિવિધ રાજ્યોમાં ચૂંટણી સભાઓમાં વ્યસ્ત છે. આ વખતે ભાજપ દ્વારા ૪૦૦ ક્રોસિંગનું સૂત્ર આપવામાં આવ્યું છે. તે જ સમયે, NDA સિવાય બીજેપીએ પોતાના માટે ૩૭૦ થી વધુ સીટો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. આવી સ્થિતિમાં પાર્ટી સામે મોટો પડકાર છે. આ પડકાર વર્ષ ૨૦૧૯ સાથે સંબંધિત છે. ગત વખતે ભાજપે ૩૦૩ બેઠકો જીતી હતી. ગત સંસદીય ચૂંટણીમાં ૪૦ બેઠકો એવી હતી કે જેના પર ભાજપે ૫૦ હજારથી ઓછા મતોથી જીત મેળવી હતી. લોકસભા ચૂંટણી અનુસાર, ૫૦ હજારનાં ઓછા તફાવતને સામાન્ય રીતે ટર્નિંગ માર્જિન ગણવામાં આવે છે. મતલબ કે આ વખતે સંતુલન કોઈપણ પક્ષની તરફેણમાં ઝુકી શકે છે. આવી સ્થિતિમાં આ ૪૦ બેઠકો આ વખતે ભાજપ માટે ખતરાની ઘંટડી સાબિત થઈ શકે છે.

આ વખતે જો વિપક્ષની રણનીતિ આ ૪૦ બેઠકો પર અસરકારક સાબિત થાય છે તો ભાજપનો આંકડો સીધો ૩૦૩થી ઘટીને ૨૬૩ પર આવી શકે છે. આ ૨૭૨ના જાદુઈ બહુમતીના આંકડા કરતા ઓછો છે. ખાસ વાત એ છે કે ૪૦ બેઠકોમાંથી જ્યાં ભાજપની જીતનું માર્જિન ૫૦ હજારથી ઓછું હતું, ત્યાં ૧૧ બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો હતો. તે જ સમયે, BSP, SP અને બીજુ જનતા દળે ૬ બેઠકો પર ભાજપને પડકાર આપ્યો હતો. ૫૦ હજારથી ઓછા માર્જિનવાળી ચાર બેઠકો પશ્ચિમ બંગાળમાં હતી. તે જ સમયે, બે બેઠકો પર ભાજપનો નજીકનો હરીફ રાષ્ટ્રીય લોકદળ હતો.

### સમાચાર રાઉન્ડ અપ

- મોદી સરકારનાં ૧૦ વર્ષનાં શાસન દરમ્યાન રોકાણકારોની સંપતિમાં પાંચ ગણો વધારો
- ૩૦ એપ્રિલ સુધીમાં પેન્ડીંગ રીફંડ ચુકવી આપવા ઈન્કમટેકસ કર્મચારીઓને અલ્ટીમેટમ
- ચૂંટણી લડી રહેલા ઉમેદવારે તમામ અસ્થાયી સંપતિ જાહેર કરવી ફરજીયાત નથી : સુપ્રિમ કોર્ટ
- સુરજેવાલાએ હેમામાલિની અંગે કરેલા નિવેદન સબબ ચૂંટણીપંચે નોટીસ ફટકારી
- રાજકોટમાં બંધ મકાનમાંથી ૩૧ તોલા સોનુ મળી રૂા.૧૩ લાખની ચોરી
- ૨૦૪૦માં ભારતનાં અવકશાયાત્રીઓ ચંદ્ર પર ઉતરશે : ચંદ્રયાનની સફળતામાં પાછળ વડાપ્રધાન મોદીની પ્રેરણા


ગ્રેજ્યુએટ સ્ટાફની જરૂર છે
ઓફિસ વર્ક માટે
ઓન્લી બોયઝ
જૂનાગઢમાં રહેતા વ્યક્તિઓએ
જ સંપર્ક કરવો
મોતીબાગ પાસે, જૂનાગઢ.
સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
૯૮૨૫૮ ૧૫૭૯૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૯૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


# ૧૦ એપ્રિલ-વિશ્વ હોમિયોપેથી દિવસ




તેની સ્થાપના સેમ્યુઅલ હેનેમેન (૧૭૫૫-૧૮૪૩) દ્વારા કરવામાં આવી હતી, હોમિયોપેથીના સ્થાપક સેમ્યુઅલ હેનેમેન હતા, જે એક ફ્રેન્ચ ચિકિત્સક, વૈજ્ઞાનિક અને મહાન વિદ્વાન હતા. એક ચિકિત્સક તરીકેના તેમના પ્રથમ ૧૫ વર્ષ દરમિયાન - આજીવિકા માટે સખત સંઘર્ષ કરતી વખતે - તેણે એક શોધ કરી. તેમનું માનવું હતું કે જો દર્દીઓને કોઈ બીમારી હોય, તો તેમને રોગના ઈલાજ માટે ઉક્ત બિમારીના લક્ષણો પ્રેરે તેવા ઘટકો આપવાના હતા. આમ, જો કોઈ દર્દી ગંભીર તાવથી પીડાતો હતો, તો તેને એવી દવા આપવામાં આવી હતી કે જે તંદુરસ્ત વ્યક્તિને ખૂબ તાવ ઉશ્કેરે છે. હેનિમેને દાવો કર્યો હતો કે તેઓ યોગ્ય ઉપાયોની પસંદગીનું સંકલન કરી શક્યા છે, જેને તેમણે 'સાબિત કરવું' કહે છે. આનાથી એક પ્રખ્યાત એફોરિઝમ "જેમ કે ઈલાજ જેવા" નો જન્મ થયો. મહેન્દ્ર લાલ સરકાર એવા પ્રથમ ભારતીય હતા જેઓ હોમિયોપેથિક ચિકિત્સક બન્યા હતા. સિરકરની આગેવાની બાદ સંખ્યાબંધ એલોપેથિક ડોકટરોએ હોમિયોપેથિક પ્રેક્ટિસ શરૂ કરી. 'કલકત્તા હોમિયોપેથિક મેડિકલ કોલેજ', પ્રથમ હોમિયોપેથિક મેડિકલ કોલેજની સ્થાપના ૧૮૮૧માં કરવામાં આવી હતી. હોમિયોપેથી અને દવાની દુનિયામાં તેના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે દર વર્ષે ૧૦ એપ્રિલના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસ ઉજવવામાં આવે છે. હોમિયોપેથી ઉપચાર કુદરતી ઘટકો સાથે બનાવવામાં આવે છે કારણ કે તે છોડ, ખનિજો અથવા પ્રાણીઓમાંથી આવે છે. આ ઘટકોના ઉદાહરણો છે લાલ ડુંગળી, આર્નીકા (એક પર્વતની વનસ્પતિ), પોઈઝન આઈવી, ડંખ મારતી ખીજવવું, સફેદ આર્સેનિક અને કચડી આખી મધમાખીઓ. કોઈ વ્યક્તિની સારવાર નક્કી કરવા માટે હોમિયોપેથ માત્ર વિગતવાર પેથોલોજી જ નહીં પરંતુ વ્યક્તિના શારીરિક, માનસિક અથવા ભાવનાત્મક સહિતના તમામ લક્ષણો પણ ધ્યાનમાં લેશે. પરંપરાગત દવા અને હોમિયોપેથી વચ્ચે ફરક પાડતી વસ્તુઓમાંથી આ એક છે - કારણ કે હોમિયોપેથ તેમના દર્દીઓ સાથે ઓછામાં ઓછા એક કલાક સુધી લાંબી પરામર્શ કરે છે. હોમિયોપેથીનો ઉપયોગ વિવિધ રોગોની સારવાર માટે થાય છે, ઉદાહરણ તરીકે, એલર્જી, માઈગ્રેઈન્સ, ડિપ્રેશન, ક્રોનિક ફેટીગ સિન્ડ્રોમ, રુમેટોઈડ આર્થરાઈટિસ, ઈરિટેબલ બોવેલ સિન્ડ્રોમ અને પ્રિમેન્સ્ટ્રુઅલ સિન્ડ્રોમ. "નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ" અનુસાર, યુ.એસ.માં ૬૦ લાખથી વધુ લોકો ચોક્કસ સ્વાસ્થ્યની સ્થિતિની સારવાર માટે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે અને વિશ્વભરમાં ૨૦૦ મિલિયનથી વધુ લોકો નિયમિત ધોરણે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે.

-ડો.જી.આર.ગોહિલ

# આંતરરાષ્ટ્રીય માનવ અંતરિક્ષ દિન નિમિત્તે આગામી શુક્રવારે જૂનાગઢમાં નિશુલ્ક પ્રદર્શન



જૂનાગઢ તા.૧૦

મનુષ્યએ જ્ઞાન-વિજ્ઞાનની પાંખોથી ગગન વિહાર કરવાનું શરૂ કર્યું ત્યારે એક ક્ષણ કેવી અલૌકિક હશે અને એ પણ જો પૃથ્વીથી પણ ઉપર અનંત આકાશમાં ઊડવાનું સૌભાગ્ય જેને મળ્યું હશે એ પ્રથમ વ્યક્તિ કોણ? આવા અનેક જ્ઞાનવર્ધક ફોટા- વિડીયો - માહિતી . જૂનાગઢ સ્થિત તારામંડલ - ગાર્ડન કાફે માં ૧૨ એપ્રિલ એ પ્રસ્તુત થશે જિલ્લાના એકમાત્ર તારામંડળમાં આ દિવસે એક નિશુલ્ક પ્રદર્શન યોજવા જઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય માનવ અંતરિક્ષ દિનના આનુસંગીક આ ૧૨ એપ્રિલ એ 'માઈલસ્ટોન' દિવસની વર્ષગાંઠ આવી રહી છે. ૧૨ એપ્રિલ ૧૯૬૧ માં અંતરિક્ષયાત્રી યુરિ ગાગરિનએ સૌ પ્રથમ અંતરીક્ષ ઉડાન ભરી હતી, આ વ્યક્તિએ અવકાશમાં ઉડાન ભરીને માનવ માટે અંતરિક્ષના દ્વાર ખુલ્લા કર્યા હતા. તેના સન્માન માં યુનો દ્વારા ૨૦૧૧ થી International Day of Human Space Flight આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉજવાય છે.

ભારતે પણ આ પરંપરામાં વિક્રમ સારાભાઈ , રાકેશ શર્મા , કલ્પના ચાવલા થી લઈ ચંદ્રયાન સુધી ગૌરવપૂર્ણ પ્રગતિ સાધી છે , ત્યારે આ દિવસે જુનાગઢ , ગિરનાર દરવાજા પાસે , તારામંડળ ખાતે સવારે ૧૦ થી ૧ તથા બપોરે ૩ થી ૬ નિશુલ્ક પ્રદર્શન યોજાશે. તથા અન્ય દરેક વિભાગો માટે કોઈપણ વિદ્યાર્થીઓને ૫૦% પ્રવેશ ફી માં ૩ d શો તથા અન્ય પ્રકલ્પો દર્શાવવામાં આવશે.

# ૫૯ વર્ષીય મહિલા બાઈક રાઈડર પારૂલબેન આચાર્ય નિવાસ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

નારી શકતી માટે પ્રેરણા શકતી રૂપ એવા પારુલ બેન જેઓ ૫૯ વર્ષ ની ઉમરે પણ સોલો બાઈક રાઈડિંગ કરી રહ્યા છે અનેક એવોર્ડ અને મેડલો જીતી ચૂક્યા છે.અને જ્યારે માંગરોળ માં વંદેમાતરમ ગ્રુપ દ્વારા બાલ સંસ્કાર કેન્દ્ર ચાલુ હતું ત્યારે તેમણે પણ અમદાવાદ માં પોતાના ઘર પર આ રીતે બાલ સંસ્કાર કેન્દ્ર શરૂ કરેલું.સાબરમતી વિસ્તાર માં રહેતા પારુલ બેન આચાર્ય છેલ્લા ૪૦ વર્ષ થી બાઈક રાઈડિંગ કરે છે.અને શોખ એમને નાનપણ થી હતો તેઓ ત્રંબકેશ્વર,ઉદેપુર, પુના, આવું, મુંબઈ, દિલ્હી, પુના, લોનો, શિરડી, જેવા અનેક શહેરો માં બાઈક રાઈડિંગ માટે ગયા છે.અને આ એમના સોખ માં પરિવાર જનો નો પણ પૂરતો સહયોગ અને પ્રોત્સાહન મળેલું એવું તેઓ જણાવે છે.



આજે મોદી સરકાર નારી શક્તિના સન્માન અને મહિલા જાગરણ માટે સતત પ્રયત્નશીલ છે ત્યારે પારૂલબેન આચાર્ય પણ બહેનો માટે સીમાચિહ્ન રૂપ મહિલા શકતી તરીકે સ્થાન લઈ રહ્યા છે.

# જૂનાગઢ શહેરમાં ઈદની નમાઝનું ટાઈમ ટેબલ

ઈદગાહ - ૮:૧૫, વાલી એ સોરઠ - ૮:૩૦, મસ્જીદે રઝા - ૮:૧૫, સાબરી મસ્જીદ - ૮:૦૦, લીમવાલે સરકાર લેન મસ્જીદ - ૮:૧૫ મસ્જીદે ઈબ્રાહીમ - ૮:૦૦, મસ્જીદે અલ ગફ્ફાર (કેમ્બ્રીજ) - ૮:૦૦, બ્લોચવાડા - ૮:૦૦, બુકર ફળીયા મસ્જીદ - ૮:૦૦ બદામવાલી મસ્જીદ - ૮:૧૫, મેમણવાડા મસ્જીદ - ૮:૦૦, મસ્જીદે સતાર (ભોયવાડા) - ૭:૩૦, ખજુર વાલી મસ્જીદ - ૮:૦૦, મીરજા મસ્જીદ - ૭:૪૫, નુરી મસ્જીદ - ૮:૧૫, સુન્ની બોરવાડ મસ્જીદ - ૮:૦૦, મતવાવાડ મસ્જીદ - ૮:૧૫, લંધાવાડા મસ્જીદ - ૭:૪૫ , નાથીબુ સાહેબા મસ્જીદ - ૮:૦૦ , રથખાના મસ્જીદ - ૭:૪૫ નાયકવાડા મસ્જીદ - ૮:૦૦, ચંપાફલીયા મસ્જીદ - ૮:૦૦, એક મીનારા મસ્જીદ - ૮:૧૫, હુરે ઈલાહી મસ્જીદ - ૮:૦૦, વંડા મસ્જીદ - ૮:૧૫, કાઝી મસ્જીદ - ૮:૦૦, હેઠાણ ફળીયા મસ્જીદ - ૮:૧૫ , પીસોરીવાડા મસ્જીદ - ૭:૪૫, મસ્જીદે કરીમા - ૭:૪૫, જંગલીશાહ મસ્જીદ (જમાલવાડી) - ૮:૦૦, ગરીબ નવાઝ મસ્જીદ (ખ્વાજા નગર) - ૮:૧૫, મદીના મસ્જીદ (સાબરીન સોસાયટી) - ૮:૧૫, તેયબાહ મસ્જીદ (હર્ષદ નગર) - ૮:૧૫, ફારૂકી મસ્જીદ (મજેવડી દરવાજા) - ૮:૩૦ , માસુમશાહ પરા મસ્જીદ (ભારત મીલ) - ૮:૩૦ , ખીરનીશા મસ્જીદ (સકકરબાગ) - ૮:૦૦, દાતાર મસ્જીદ - ૮:૩૦, ગોરીપીર મસ્જીદ - ૭:૩૦, હાજીયાણી જુબેદા મસ્જીદ (ખારાવાડ) - ૭:૪૫, મસ્જીદે ફાતેમા (અજમેરી પાર્ક) - ૭:૩૦, મસ્જીદે બદ્ર (દોલતપરા) - ૮:૩૦, સરગવાડા જામા મસ્જીદ - ૮:૦૦ , સાબલપુર મસ્જીદ - ૮:૩૦, રસુલ મસ્જીદ (રામનિવાસ) - ૭:૪૫, લાલ બક્ષ મસ્જીદ - ૮:૦૦, મર્કઝ મસ્જીદ - ૮:૦૦, સુલેમાની મસ્જીદ - ૭:૩૦, ચિતાખાના મસ્જીદ - ૮:૧૫, મુલ્લાવાડા મસ્જીદ - ૭:૪૫, મદીના મસ્જીદ (ગોધાવાવપાટી)- ૮:૧૫, મસ્જીદે યુસુફ (અજમેરી પાર્ક) - ૭:૪૫ , જૂલાઈ વાડા મસ્જીદ - ૮:૧૫, દાણાપીઠ મસ્જીદ - ૮:૧૫.

**:: સંકલન ::- અલતાફ કલ્યાણી**
**તાહીર ખમીસા**

# કોટડાસાંગાણીના શાપરમાં તા.૧૬ અને ૧૭ના રોજ રામદેવપીરના સવરા મંડપનું આયોજન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૦

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર (વેરાવળ) મુકામે શાપર તળાવની પાછળ કર્મેશ્વરની બાજુમાં રામદેવપીરના સવરા મંડપ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં તા. ૧૬ એપ્રિલ એ સાંજે ૪ કલાકે સંતોના સામૈયા, સાંજે ૬ કલાકે ધર્મસભા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સાંજે ૪ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમિયાન સરકારી શાળાથી તુલસી વન સુધી શોભાયાત્રા, સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ અને રાત્રે ૯ વાગ્યાથી સંતવાણી યોજાશે. તા. ૧૭ એપ્રિલ એ વ્હેલી સવારે સ્થંભ રોપણ કરાશે. આ તકે અતિથિ તરીકે મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, સાંસદશ્રી રમેશભાઈ ધડુક અને ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા સહિતના અગ્રણીઓ અને સંતો ઉપસ્થિત રહેશે.

# જૂનાગઢમાં સેવાભાવી સંસ્થા દ્વારા ૧૫૧ શ્રી ભાગવત કથા યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ તથા સત્યમ સેવા યુવક મંડળ, શ્રી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રીજી લોક સેવા ફાઉન્ડેશન તેમજ તક્ષશિલા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તેમના સંયુકત ઉપક્રમે તા.૧-૫-૨૦૨૪ શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાવિક ભક્તોને તથા યજમાનશ્રીઓને સેવા યજ્ઞ થતો હોય જેમાં પાટલો રાખવા માટે ફક્ત રૂપિયા ૫૫૧ રાખેલ છે. જે ધર્મ પ્રેમી જનતાને જેમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ છે.

આ કથાના વ્યાસાસને રવિભાઈ દવે (મોણપરી વાળા) કથામૃતપાન કરાવશે. ગાયત્રી શક્તિપીઠ જૂનાગઢ રાખવામાં આવેલ છે. પાટલા નોંધાવા યજમાન બનવા માટે સંપર્ક મોબાઈલ નંબર ૯૯૯૮૭ ૮૧૮૮૧નો સંપર્ક કરવા આયોજક નાગભાઈ વાળા, મનસુખભાઈ વાજા, અમુભાઈ પાનસુરીયાની યાદીમાં જણાવેલ છે.

# બિલખામાં એસટીના કર્મચારીઓ માટે નિદાન કેમ્પનું સફળ આયોજન થયું



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૧૦

જૂનાગઢ જીલ્લાના આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા બિલખા એસટીના કર્મચારીઓ માટે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બ્લડપ્રેશર, ડાયાબિટીસ, કેન્સર જેવા રોગોની તપાસ કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય સ્ટાફ દિવ્યાબેન સોલંકી, કિશનભાઈ વૈદ્ય, જયોત્સનાબેન દેવમૂરારી તેમજ એસટીના સ્ટાફ ગજુભાઈ વાંકના સહયોગથી આ કાર્યક્રમ કરવામાં આવેલ હતો. જયારે આ નિદાન કેમ્પમાં સ્ટાફગણ સહિત અનેક લોકો જોડયા હતા અને પોતાનું નિદાન કરાવ્યું હતું. ત્યારે આ નિદાન કેમ્પ એસટી કર્મચારી મંડળની જેહમતથી સફળ રીતે સંપન્ન થયો હતો.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ


મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં, તાલુકા સેવા સેદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ નોંધણી કેસ નં. ૪૫/૨૦૨૪

## જાહેર નોટીસ

શ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ
રહે. મછીયારાવાડા, અલહરમ એપાર્ટમેન્ટ પાસે,
નરસિંહ મહેતાના ચોરા પાસે, જૂનાગઢ .... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલિકા, જૂનાગઢ
તા.જૂનાગઢ (શહેર), જીલ્લો : જૂનાગઢ ... પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ તેમના દાદીશ્રી મર્હૂમ ખતીજાબાઈ મુસાભાઈ હામદાણી કે જેઓનું તા. ૨૧-૦૧-૧૯૯૮નાં રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ છે. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીમાં કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૮ માહે એપ્રિલ, ૨૦૨૪નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

**સહી અવાચ્ય**
**મામલતદાર અને**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જૂનાગઢ (શહેર)**

મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં, તાલુકા સેવા સેદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ નોંધણી કેસ નં. ૪૪/૨૦૨૪

## જાહેર નોટીસ

શ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ
રહે. મછીયારાવાડા, અલહરમ એપાર્ટમેન્ટ પાસે,
નરસિંહ મહેતાના ચોરા પાસે, જૂનાગઢ .... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલિકા, જૂનાગઢ
તા.જૂનાગઢ (શહેર), જીલ્લો : જૂનાગઢ ... પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હામદાણી સકિલભાઈ લતીફભાઈ તેમના દાદા મર્હૂમ મુસાભાઈ શકુરભાઈ હામદાણી કે જેઓનું તા. ૧૫-૦૮-૧૯૮૩નાં રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ છે. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીમાં કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૮ માહે એપ્રિલ, ૨૦૨૪નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

**સહી અવાચ્ય**
**મામલતદાર અને**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જૂનાગઢ (શહેર)**

# હીટ વેવના પગલે જૂનાગઢ જીલ્લાના મતદાન મથકો ઉપર પીવાના પાણી ફર્સ્ટ એડ કીટ, ઓઆરએસ, છાયડા સહિતની સુવિધા રહેશે

## મતદાન મથકો, ડિસ્પેચિંગ અને રીસીવિંગ સેન્ટર, ઉપર મેડિકલ - પેરામિડિકલ, ૧૦૮ની ટીમ ઉપલબ્ધ રહેશે

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ જિલ્લામાં ચૂંટણીના સમયે હીટ વેવ થવાની સંભાવના છે. ત્યારે મતદાનના દિવસે મતદારોને આકરા તાપની અસરને નિવારવા જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ રાણાવસિયાએ ફર્સ્ટ એડ કીટ, પાણી, ઓઆરએસ, છાયડો કરવા જેવી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા ડિસ્પેચિંગ અને રીસીવિંગ સેન્ટર, મતદાન મથકો ઉપર મેડિકલ, પેરામિડિકલ, ૧૦૮ની ટીમ ઉપલબ્ધ કરાવવા તથા દિવ્યાંગો, વૃધ્ધો માટે રેમ્પ, રેલીંગ, વ્હીલચેર સહિતની સગવડો ઉભી કરવાની સુચના સબંધિત અધિકારીઓને આપી હતી. હાલમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને ખેત મજૂરો રોડકામ તથા બાંધકામ કરતા મજુરોને સન- સ્ટ્રોક (લૂ) લાગવાની શક્યતા ઘણી વધારે છે, જેથી જૂનાગઢ જિલ્લાની જનતાને સનસ્ટોક(લૂ) થી બચવા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા જૂનાગઢ જિલ્લાની જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. લૂ લાગવાના (સનસ્ટ્રોક)ના લક્ષણોમાં માથુ દુઃખવુ, પગની પીંડીઓમાં દુઃખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછુ થઈ જવું, ઉલ્ટી થવી, ઉબકા આવવા, ચકકર આવવા, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સામાં ખેંચ આવવીનો સમાવેશ થાય છે. આરોગ્યવલક્ષી અન્ય જરૂરી સૂચનોઓ બહાર પાડવામાં આવી છે, જેમાં સીધા સુર્યપ્રકાશથી બચવું, વારંવાર પાણી પીવું અને શકય તેટલુ વધારે પાણી અને પ્રવાહી પીવું, લૂ લાગવાની સ્થિતીમાં લીંબુ સરબત, મોળી છાસ, તાળફળી, અને નારીયલનું પાણી તથા ખાંડ મીઠાનું દ્રાવણ, તથા ઓ.આર.એસ. પુષ્કળ પ્રમાણમા પીવા, ગરમીમાં શકય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું, દિવસ દરમ્યાન ઠંડક અને છાયામા રહેવું, ગરીમીમાં સફેદ સુતરાઉ ખુલતા અને આખુ શરીર ઢંકાય તેવા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, તથા છત્રીમાં માથુ ઢકાય તેમ ઉપયોગ કરવો, નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વૃદ્ધો તથા અશક્ત અને બિમાર વ્યકિતઓએ તડકામાં વિશેષ કાળજી લેવી, ગરમીમા બજારમાં મળતો ખુલ્લોં વાસી ખોરાક ખાવો નહી, બજારમાં વેચાતા બરફનો ઉપયોગ ટાળવો, આર્યુવેદની દ્રષ્ટિરએ ગરમીની ઋતુમાં વરીયાળી, કાચીકેરી, ગુલાબ, ખસ,રઅને કાળી દ્રાક્ષનું સરબત ગુણકારી હોય છે. રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમા પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી તેમજ તરબુચનો ઉપયોગ સવારે અને બપોરે કરવો, લૂ લાગવાના કિસ્સાઓમાં જો તાત્કારલીક તબીબી સારવાર લેવામાં ન આવે તો "હીટ સ્ટ્રોક" જેવી ગંભીર સમસ્યાા બની શકે છે. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલીક નજીકના પ્રાથમિક આરોગ્ય" કેન્દ્ર કે, સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. આમ, ગભરાટ વગર સમજદારી અને સાવચેતી એજ સહેલો ઉપાય છે.

### ૧૩ – જૂનાગઢ સંસદીય મતવિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે

# મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી તેમજ પોલીસ ઓબ્ઝર્વર સુશ્રી નાઝનીન ભસીનની નિમણૂંક

જૂનાગઢ, તા.૧૦

ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા જનરલ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વરની નિમણૂંક કરાઈ છે જેમાં જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૮ની બેચના આઈ.એ.એસ મોહમ્મદ ઝુબેર અલી હાશ્મીની ૧૩ – જૂનાગઢ સંસદીય વિસ્તારના નિરીક્ષક તરીકે નિમણૂંક કરાઈ છે. જયારે લો એન્ડ ઓર્ડરની કામગીરીની દેખરેખ માટે પોલીસ ઓબ્ઝર્વર તરીકે ૨૦૦૭ ની બેચના આઈ.પી.એસ. સુશ્રી નાઝનીન ભસીનની નિમણુંક કરવામાં આવી છે. આમ આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શી તેમજ નિયમાનુસાર પૂર્ણ થાય તે હેતુ જનરલ ઓબ્ઝર્વર મોહમ્મદ ઝુબેર અલી હાશ્મી તેમજ પોલીસ ઓબ્ઝર્વર સુશ્રી નાઝનીન ભસીનની ૧૩-જૂનાગઢ સંસદીય વિસ્તારની કામગીરી ઉપર દેખરેખ રાખશે.

# પડધરી ખાતે આવેલ જીવરાજાની, નાગ્રેચા તથા ભીમજીયાણી પરીવારના દેવસ્થાન મંદિર ખાતે નવચંડી હોમાત્મક યજ્ઞનું આયોજન

જૂનાગઢ, તા.૧૧

જીવરાજાની, નાગ્રેચા તથા ભીમજીયાણી પરીવારના ઈષ્ટદેવ પૂજય શ્રી ગણપતિદાદા તથા કુળદેવીશ્રી રાંદલમાતાજી તેમજ આઈશ્રી ખોડીયાર માતાજીની અસીમ કૃપાથી ઈષ્ટ દેવતા શ્રી ગણપતીદાદા તથા શ્રી રાંદલમાતાજી તથા આઈશ્રી ખોડીયાર માતાજીના સાનિધ્યમાં દેવસ્થાન મંદિર કોટક શેરી પડધરી ખાતે નવચંડી હોમાત્મક યજ્ઞનું આયોજન કરેલ છે. આગામી તા.૨૧/૪/૨૦૨૪ ચૈત્ર સુદ ૧૩ને રવિવાર સવારે ૮ કલાકે નવચંડી યજ્ઞ યોજવામાં આવશે અને બપોરે ૧:૩૦ કલાકે બીડુ હોમવામાં આવશે તેમજ બપોરે ૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે જીવરાજાની, નાગ્રેચા, ભીમજીયાણી સહ પરીવારોને ધાર્મિક પ્રસંગે પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. શ્રી ધીરૂભાઈ એસ. જીવરાજાની (મો.નં.૯૯૨૫૫ ૦૭૭૨૫, ૯૯૭૪૦ ૨૭૧૦૯)ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠવવામાં આવી છે.

# જૂનાગઢમાં બનાવાશે યુવા મતદાન મથક : જીલ્લાના યુવા અધિકારી -કર્મચારી મતદાન મથકનું કરશે સંચાલન

## જૂનાગઢ જીલ્લામાં ૧૮થી ૨૯ વર્ષના કુલ ૨,૭૨,૩૩૦ મતદારો

જૂનાગઢ તા.૮

યુવાઓ લોકશાહીના મહાપર્વમાં ઉત્સાહભેર સહભાગી બને અને યુવાઓ મતદાન કરવા માટે પ્રેરિત થાય તે માટે ચૂંટણી પંચની આગવી નેમ મુજબ યુવા અધિકારી-કર્મચારી સંચાલિત યુવા મતદાન મથક બનાવવામાં આવે છે. જેમાં પ્રિસાઈડિંગ, પોલિંગ-૧ અને પોલિંગ ઓફીસર સહિતનો સ્ટાફ યુવાઓનો હોય છે. જૂનાગઢમાં પણ બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ ખાતે એક યુવા મતદાન મથક બનાવશે.

આ સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા જણાવે છે કે, જિલ્લામાં યુવા અધિકારી-કર્મચારીઓ દ્વારા સંચાલિત એક મતદાન મથક તૈયાર કરવું, એ ભારતના ચૂંટણી પંચની આગવી અને વિશિષ્ટ પહેલ છે. ભારતની એક યુવાઓના દેશ તરીકે પણ ગણના થાય છે. ત્યારે યુવા મતદાતાઓને મતદાન કરવા માટે પ્રેરિત -પ્રોત્સાહિત કરવા માટે આ યુવા મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં ૧૮ થી ૨૯ વર્ષના કુલ ૨,૭૨,૩૩૦ જેટલા મતદારો છે. ત્યારે આ યુવા ભાઈઓ- બહેનો મતદારોમાં યુવા મતદાન મથક થકી એક હકારાત્મક સંદેશ પહોંચે છે. લોકશાહીને મજબૂત બનાવવા માટે મહિલા, દિવ્યાંગ, યુવા સહિત દરેક મતદાર મતાધિકારનો ઉપયોગ કરે તે ખૂબ આવશ્યક છે. આ માટે જિલ્લામાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં ૫ એટલે કે જિલ્લામાં કુલ- ૩૫ મહિલા સંચાલિત મતદાન મથકો બનાવવામાં આવશે. ઉપરાંત દરેક વિધાનસભા બેઠક વાર દિવ્યાંગો સંચાલિત એક- એક એટલે કે જિલ્લામાં ૫ દિવ્યાંગ અધિકારી-કર્મચારી સંચાલિત મતદાન મથક બનાવવામાં આવશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલ કુમાર રાણાવસિયાએ જણાવ્યું હતું. આમ, ભારતના ચૂંટણી પંચના આ રચનાત્મક અભિગમથી યુવાઓની મતદાન કરવા પ્રત્યેની ઉદાસિનતા દૂર થાય છે અને ઉત્સાહભેર મતદાન કરવા માટે એક પ્રેરક લાગણી જન્મે છે.

**-ખાસ અહેવાલ રોહિત ઉસદડ**

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતો કહે છે, તા.૭મી મેએ 'પહેલા મતદાન...પછી ખેતીકામ'

## જૂનાગઢના માર્કેટ યાર્ડ ખાતે ખેત પેદાશોનું વેચાણ કરવા આવેલા વંથલી, ભેંસાણ, મેંદરડા, સરગવાડાના ધરતીપુત્રોની નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ



જૂનાગઢ, તા.૧૦

એપીએમસી -જૂનાગઢ ખાતે જિલ્લાભરમાંથી ખેત પેદાશોના વેચાણ માટે આવેલા ખેડૂતોએ તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ સાથે લોકશાહીના મહાપર્વમાં એક ખેડૂત તરીકે દરેક નાગરિકો - મતદારોને પણ મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા માટે અપીલ કરી હતી.

એપીએમસી -જૂનાગઢ ખાતે ધાણાના વેચાણ માટે આવેલા વંથલીના નવલખી ગામના ખેડૂતશ્રી નયનભાઈ વાઘેલા કહે છે કે, તા.૭મી મે ભૂલવાની નથી, આપણને જે લોકશાહીમાં અધિકાર મળ્યા છે, તે ચૂક્યા વગર અચૂક મતાધિકારનો ઉપયોગ કરવાનો છે. એટલે મતદાન કરવાની સાથે બીજાને મતદાન કરવા માટે પણ પ્રોત્સાહિત કરવા જોઈએ.

તેવા જ મેંદરડા તાલુકાના ચંદ્રાવડી ગામના ખેડૂત જયેશભાઈ ગાજીપરા કહે છે કે, લોકશાહીને મજબુત બનાવવા તા.૭મી મે એ ગમે તે કામ હોય તો છોડીને પ્રથમ મતદાન કરવાનું છે, તે દેશ અને આપણી લોકશાહી માટે ખૂબ જરૂરી છે.

ભેંસાણ તાલુકાના રાણપુર ગામના ખેડૂત વિનોદભાઈ ઉસદડ કહે છે કે, દરેક નાગરિકોને-મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. સાથે દરેક ખેડૂતો અને નાગરિકોએ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનવું જોઈએ. જૂનાગઢના સરગવાડા ગામના યુવા ખેડૂત શ્રી પાર્થ કાપડિયાએ પણ અગત્યના કામ હોય તે છોડીને અચૂક મતદાન કરવા માટે ખેડૂતોને અપીલ કરી હતી. મેંદપરા ગામના ગોવિંદભાઈ સોજીત્રા અને મેંદરડાના સીમાસી ગામના ગોબરભાઈ કોટડીયાએ તા.૭મી મે ખેતી કામ છોડીને પહેલા મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર, આરોગ્ય કર્મીઓ અચૂક મતદાન કરવા થયા સંકલ્પબદ્ધ

## મતદાન જાગૃતિ અર્થેના સિગ્નેચર કેમ્પેઈનમાં પણ થયા સહભાગી





જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર અને આરોગ્ય કર્મીઓ અચૂક મતદાન કરવા થયા સંકલ્પબદ્ધ થયા છે. આ સાથે મતદાન જાગૃતિ અર્થેના સિગ્નેચર કેમ્પેઈનમાં પણ થયા સહભાગી બન્યા હતાં. તા.૭મી મેએ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન થનાર છે ત્યારે આ લોકશાહીના મહાપર્વમાં દરેક મતદાર મતાધિકારના ઉપયોગ થકી સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ માટે ઝુંબેશ ચાલી રહી છે. તેના ભાગરૂપે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના હોસ્પિટલના ડોક્ટર અને આરોગ્ય કર્મીઓએ નિર્ભયતાપૂર્વક, અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. સવિશેષ મહિલા આરોગ્ય કર્મીઓ મતદાન કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ મતદાન જાગૃતિ માટેની પ્રતિજ્ઞામાં ડો. પાલા લાખણોત્રા સહિતના તબીબો જોડાયા હતા. સ્વીપના નોડલ અધિકારી લતાબેન ઉપાધ્યાય અને જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના અધિકારી મતદાન જાગૃતિ ઝુંબેશને આગળ વધારવા માટે જેહમત ઉઠાવી રહ્યા છે.

### નેત્રમ શાખાની ટીમની સુંદર કામગીરી

# જૂનાગઢમાં અગત્યના ડોકયુમેન્ટ, રોકડ સહીતનાં પર્સ સાથેની થેલી ગણતરીની કલાકોમાં શોધી મુળમાલીકને પરત કરાઈ

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપુર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે અને પોલીસ વિભાગ દ્વારા પ્રસંશનીય કામગીરી થઈ રહી છે. દરમ્યાન અરજદાર યોગેશભાઈ રામભાઈ ચાવડા જૂનાગઢના વતની હોય, યોગેશભાઈ ખામધ્રોલ રોડથી મજેવડી ગેટ તરફ પોતાની બાઈક લઈને જરૂરી કામ સબબ જતા હોય તે દરમ્યાન યોગેશભાઈની થેલી રસ્તામાં ક્યાંક પડી ગયેલ હોય જે થેલીમાં રૂા.૬,૫૦૦ રોકડ તથા ૨ એટીએમ કાર્ડ સહિતનું પર્સ વગેરે હોય યોગેશભાઈ બેન્કમાં લોન ભરવા જ્યારે થેલી શોધે છે ત્યારે તેમને ખ્યાલ આવે છે કે તેમની થેલી ક્યાંક પડી ગયેલ છે. યોગેશભાઈએ આજુબાજુ તપાસ કરેલ તથા તે જે રૂટ ઉપરથી પોતાની બાઈક લઈને આવેલ તે રૂટ ઉપર પણ તપાસ કરેલ પરંતુ તેમની થેલી ક્યાંય મળી આવેલ નહિ. જે થેલીમાં યોગેશભાઈના એટીએમ કાર્ડ તથા લોન ભરવા માટેના રોકડ સાથેનું પર્સ હોય થેલી કેવી રીતે મળશે? જે બાબતથી યોગેશભાઈ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા જે દરમ્યાન ચાની લારી ચલાવતા વ્યકિતએ તેમને જણાવેલ કે પોલીસ અધિક્ષકની કચેરી ખાતે નેત્રમ શાખા કાર્યરત છે તમે ત્યા રૂબરૂ રજુઆત કરશો તો પોલીસ સ્ટાફ શક્ય તે મદદ કરશે. જેથી યોગેશભાઈ તાત્કાલીક નેત્રમ શાખા આવી આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કાંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય. એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કાંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઇ પી.એચ.મશરૂ, હેડ કોન્સ. રામશીભાઈ ડોડીયા, પો.કોન્સ. હિનાબેન વેગડા, શિલ્પાબેન કટારીયા, એન્જીનીયર જલ્પાબેન રામ સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી યોગેશભાઈ પોતાનું બાઈક લઈ જે રૂટ ઉપરથી પસાર થયેલ તે સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજની મદદથી ચેક કરતા યોગેશભાઈનું રૂા.૬,૫૦૦ રોકડ તથા અગત્યના ડોક્યુમેન્ટ સહિતની થેલી મજેવડી દરવાજા પાસે પડતી જણાય આવેલ છે. જે તુરંત જ એક અજાણ્યા વ્યકિત દ્વારા ઉઠાવી લેવાનું ધ્યાને આવેલ.





ત્યારબાદ સીસીટીવી ફૂટેજ દ્વારા તે અજાણ્યા વ્યકિતનો આગળનો રૂટ ચેક કરતા તે વ્યકિત એક ઓટો રિક્ષામાં બેસી ચિતાખાના તરફ જતો જોવા મળેલ છે. જે આધારે તે ઓટો રિક્ષા ચાલકનો કોન્ટેક્ટ કરી પૂછપરછ કરતા તે અજાણ્યો વ્યકિત જીઆઈડીસીના એક કારખાનામાં કામ કરતો હોય તેવું જણાવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા જીઆઈડીસી ખાતે રૂબરૂ પૂછપરછ કરતા તે અજાણ્યા વ્યકિતએ થેલી તેમની પાસે હોવાનું જણાવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા યોગેશભાઈ ચાવડાની રૂા.૬,૫૦૦ રોકડ તથા અગત્યના ડોક્યુમેન્ટ સહિતની થેલી શોધી રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને યોગેશભાઈએ જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યકત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કાંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને

# ઉના : શ્રી એચ.એમ.વી. કોલેજનો ૩૯મો તેજસ્વી સન્માન સમારોહ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)





ઉના, તા.૧૦

ઉનાના દેલવાડા રોડ ઉપર આવેલ શ્રી ગુપ્ત પ્રયાગ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એચ.એમ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો ૩૯મો તેજસ્વિતા સન્માન સમારોહ કોલેજની સ્થાનિક સંચાલન સમિતિના સદસ્ય ઉકાભાઈ વઘાસીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં મહેમાન તરીકે ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા, ડો.બી. એમ. સેલડિયા, માનસીભાઈ બાંભણિયા, નીતાબેન મોરી વગેરે મહાનું ભાવો હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત સર્વ ધર્મ પ્રાર્થના ગોહિલ પ્રિયાબા દ્વારા શ્રી ગણેશ સ્તુતિથી કરવામાં આવી હતી ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. મહેમાનોનો પરિચય અને સ્વાગત કાર્યકારી આચાર્ય ડો. પંકજભાઈ વાઘેલા એ આપેલ હતો. કોલેજમાં અભ્યાસ કરતા ૧૪૫થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિની બહેનો જેમણે સમગ્ર વરસ દરમ્યાન શૈક્ષણિક ક્ષેત્રે તથા રમત ગમત અને એન.સી.સી.માં સિધ્ધિ મેળવનારનું પારિતોષિક શિલ્ડ, પ્રમાણ પત્ર આપી. મહેમાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો.બી. એમ. કાછડીયાએ કરેલ હતું. કોલેજની પ્રવૃતિનો વાર્ષિક અહેવાલ પ્રા.એચ.પી. ત્રિવેદીએ આપેલ, આભાર વિધિ ડો.કે. એન. પીઠડિયા એકરેલ હતું, કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.

# અજાબ ગામે યોજાયેલી શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટમાં ઉનાની ટીમનું શાનદાર પ્રદર્શન

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૦

કેશોદ તાલુકાના અજાબ ખાતે શુટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ-૨૦૨૪નું તા.૬/૪/૨૦૨૪ના રોજ આયોજન થયેલું જેમાં સૌરાષ્ટ્રની ચોરવાડ, જૂનાગઢ, માંગરોળ, અજાબ, ભાવનગર, પડધરી, રાજકોટ વગેરે ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધેલ જેમાં ઉનાની ટીમના સભ્યો મિહિર પરમાર, ધર્મેશ દવે, પ્રિયાંક બાંભણિયા વગેરેએ શાનદાર પ્રદર્શન કરી રનર્સઅપ થયેલ અને ઉનાનું નામ રોશન કરેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# સીએએનાં કાયદાને વિવાદમાં ઘસડવાના થતા પ્રયાસો

નાગરિકતા સંશોધન અધિનિયમ એટલે કે સીએએનો મામલો હાલમાં ચર્ચામાં છે. આ મામલો અદાલતની સાથે જ જાહેર વિમર્શના દાયરામાં પણ છે. કોઈપણ કાયદા પર દૃષ્ટિકોણમાં ભિન્નતા હોવી સ્વાભાવિકછે, પરંતુ કેટલાક પક્ષો તાત્કાલિક રાજકીય લાભ માટે તથ્યોની અવહેલના કરીને સમાજમાં ઘૃણા અને ભય ફેલાવવાની સાથે જ મિથ્યા આરોપ લગાવવામાં વ્યસ્ત છે. કહેવાઈ રહ્યું છે કે સીએએ બંધારણસંમત નથી અને તે અનુચ્છેદ-૧૪નું ઉલ્લંઘન કરે છે. તેનો નિર્ણય તો શીર્ષ અદાલત જ કરશે, પરંતુ આ મામલે ભડકાઉ નિવેદનબાજી હેરાન કરનારી છે. બંગાળ અને કેરળના મુખ્યમંત્રીઓનું કહેવું છે કે તે સીએએને લાગુ નહીં થવા દે, જ્યારે આ કાયદાને રાજ્ય સરકારો સાથે કોઈ લેવા-દેવા નથી.

શરદ પવાર આ કાયદાને લોકશાહી પર આક્રમણ કહી રહ્યા છે તો અસદુદ્દીન ઓવૈસી આ કાયદાને ગોડસેની માનસિકતા ગણાવી રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું નિવેદન તો ઓર અચંબિત કરનારું હતું. તેમણે સીએએને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવતાં કહ્યું કે 'પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં લગભગ અઢી-ત્રણ કરોડ અલ્પસંખ્યક છે. જો તેમાંથી એક-દોઢ કરોડ પણ ભારત આવી જાય તો આપણે તેમને ક્યાં વસાવીશું? નોકરી કઈ રીતે આપીશું? આખી કાયદો-વ્યવસ્થા ભાગી પડશે. આ તો ૧૯૪૭થી પણ મોટો પ્રવાસ હશે.' શું આ નિવેદન ભડકાઉ નથી? કેજરીવાલ દુષ્પ્રચાર કરી રહ્યા છે કે મોદી સરકાર વિદેશી અલ્પસંખ્યકોને ભારત આવવાનું નિમંત્રણ આપવા જઈ રહી છે, જ્યારે સીએએ તો એમના માટે છે, જેઓ સંબંધિત ત્રણ પડોશી દેશોમાં મજહબી સતામણીથી પરેશાન થઈને ૨૦૧૪ પહેલાં જ ભારત આવી ગયા હતા. એવા શરણાર્થીઓને કાયદો અને વ્યવસ્થાને ખતરો પહોંચવાની વાત કહેનારા શું દેશમાં ગેરકાયદે ઘૂસી ગયેલા બાંગ્લાદેશી-રોહિંગ્યા મુસલમાનોની સ્થિતિને જુએ છે? રાજધાની દિલ્હી સહિત દેશના કેટલાય ક્ષેત્રોમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશી મુસલમાનો વસેલા છે. કેટલીક ઘટનાઓ પર ધ્યાન આપીએ તો ૬ માર્ચ, ૨૦૨૧ના રોજ દિલ્હી-એનસીઆરમાં લૂંટફાટ અને ચોરીના ડઝનબંધ ગુના કરી ચૂકેલા ત્રણ બાંગ્લાદેશી બદમાશો, ૨૨ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ રાજધાનીના કેટલાય ક્ષેત્રોમાં એટીએમ ઉખાડીને લઈ જનારા બાંગ્લાદેશીઓ, ૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કર્ણાટકની એક લૂંટમાં એક વ્યક્તિની હત્યા કરનારા બે બાંગ્લાદેશીઓને પોલીસે પકડ્યા હતા. હરિયાણા સ્થિત નૂંહમાં ગત વર્ષે શોભાયાત્રા પર પથરાવ કરનારામાં રોહિંગ્યા મુસ્લિમો પણ સામેલ હતા. આ જ રીતે હલદ્વાનીમાં દબાણ હટાવવા પહોંચેલી પોલીસ પર હુમાલ પાછળ પણ કેટલાય રોહિંગ્યાઓનો હાથ હોવાના આરોપ છે. આવી તો અંતહીન યાદી છે. શું સીએએનો વિરોધ કરી રહેલા લોકોએ રોહિંગ્યા-બાંગ્લાદેશી મુસલમાનો સાથે જોડાયેલી આ અપરાધિક ઘટનાઓ વિરુદ્ધ કશું કહ્યું કે તેમને 'રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો' માન્યા?

સ્વઘોષિત સેક્યુલરો અને 'લેફ્ટ-ફાસિસ્ટ' ગેરકાયદે રૂપે ભારતમાં ઘૂસેલા એ રોહિંગ્યા મુસલમાનોને નાગરિકતા આપવાની સાથે જ સન્માનજનક નોકરી સહિત અન્ય સુખ-સુવિધા આપવાનું પ્રત્યક્ષ-પરોક્ષ સમર્થન કરે છે, જેમના બંધુ-બાંધવ પોતના મૂળ દેશ મ્યાંમારમાં અસંખ્ય હિંદુ-બૌદ્ધ અનુયાયીઓનો નરસંહાર કરી ચૂક્યા છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અનુસાર, ઓગસ્ટ ૨૦૧૭માં રોહિંગ્યા આતંકીઓએ મ્યાંમારમાં અલગતાવાદથી ગ્રસ્ત પ્રાંત રખાઇનમાં ૯૯ હિંદુઓને તાલિબાની પદ્ધતિએ મોતને ઘાટ ઉતારીને તેમની મહિલાઓનું ધર્માંતરણ કર્યું હતું. તપાસ બાદ મૃત હિંદુઓની લાશો એક સામૂહિક કબરમાં મળી હતી. સંયુક્ત રાષ્ટ્રના એક તપાસ દળે ઓક્ટોબર ૨૦૨૩માં તેને 'આંતરરાષ્ટ્રીય અપરાધ' જાહેર કરવાની ભલામણ કરી હતી. આ પ્રકારના જઘન્ય હત્યાકાંડ અને જેહાદીઓને સ્થાનિક રોહિંગ્યા મુસ્લિમોનું સમર્થન મળ્યા બાદ ૨૦૧૭માં મ્યાંમાર સત્તા-અધિષ્ઠાન સૈન્ય કાર્યવાહી માટે મજબૂર થયું હતું. તેને કારણે લાખો રોહિંગ્યા મુસલમાન સુરક્ષિત ઠેકાણાની શોધમાં મ્યાંમારથી પલાયન કરી ગયા. શું ત્યારબાદ તેમના આચરણમાં કોઈ બદલાવ આવ્યો? દિલ્હીના એક અંગ્રેજી અખબારે સપ્ટેમ્બર ૨૦૧૭ના એક રિપોર્ટમાં પ્રકાશિત કર્યું હતું કે મ્યાંમારથી શરણાર્થી બનીને બાંગ્લાદેશના કોકસ બજાર પહોંચેલા રોહિંગ્યા હિંદુ મહિલાઓનું જબરદસ્તી સિંદૂર ભૂંસી, બંગડીઓ તોડી અને ધર્માંતરિત કરીને તેમને દિવસમાં પાંચ વખત નમાજ પઢવા મજબૂર કરી રહ્યા હતા.

જે સીએએને વિવાદોમાં ઘસડવાના પ્રયાસ થઈ રહ્યા છે, તે કાયદો તો ભારતના માનવતાવાદી અને બહુલતાવાદી સનાતન ડીએનએને અનુરૂપ જ છે. ઈઝરાયલી પ્રતિકારમાં તબાહ થઈ ગયેલ ગાઝા પટ્ટીના મુસ્લિમોને રાહત સામગ્રી પહોંચાડવી, સંકટગ્રસ્ત અફઘાનિસ્તાનને રાશન પૂરું પાડવું અને આફતગ્રસ્ત તુર્કીમાં 'ઓપરેશન દોસ્ત'થી રાહત-બચાવ કાર્ય ચલાવવું તેનું જીવંત પ્રમાણ છે. એવામાં સહિયારા વારસાને કારણે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં બિનમુસ્લિમ અલ્પસંખ્યકો પ્રત્યે ભારતની નૈતિક જવાબદારી છે. ચીની આક્રમણ બાદ ભારતે તિબેટી બૌધ્ધ અનુયાયીઓને એવી જ સુવિધાઓ પ્રદાન કરી હતી. અમેરિકા અને બ્રિટન જેવા દેશ પણ મજહબી કારણોસર સતાવવામાં આવેલા અલ્પસંખ્યકોને નાગરિકતા આપતા રહ્યા છે. ૧૯૮૯-૯૦માં અમેરિકી સેનેટર ફ્રેંક લાટેનબર્ગના પ્રયાસોથી અમેરિકાએ સોવિયેત સંઘ અને ઈરાનના અલ્પસંખ્યકોને શરણ અને નાગરિકતા પ્રદાન કરવા માટે કાયદામાં સંશોધન કર્યું હતું. આ સંશોધન અંતર્ગત ઈરાનમાં અલ્પસંખ્યક ઈસાઈ, બહાઈ અને યહૂદીઓને તેમના ધાર્મિક ઉત્પીડન પર શરણ અને નાગરિકતા આપવામાં આવી. આ જ રીતે બ્રિટનમાં 'રાષ્ટ્રીયતા અને સીમા અધિનિયમ'ના માધ્યમથી ગુલામી અને માનવ તસ્કરીના પીડિતોને નાગરિકતા અને શરણ આપવાનો પ્રસ્તાવ છે. આ પૃષ્ઠભૂમિમાં વિદેશમાં મજહબી કારણોથી ઉત્પીડનનો સામનો કરી રહેલા હિંદુ-શીખ પોતાની સુરક્ષા માટે ક્યાં જશે? વિભાજન બાદ ભારતમાં જ્યાં મુસલમાનોની સંખ્યા છ ગણાથી વધારે વધી ગઈ છે, ત્યાં જ પાકિસ્તાનમાં હિંદુ-શીખ આબાદી ૧૬ ટકાથી ઘટીને બે ટકાથી પણ ઓછી રહી છે, તો બાંગ્લાદેશમાં હિંદુ-બૌધ્ધ આબાદી હિસ્સેદારી ૨૮ ટકાથી ઘટીને આઠ ટકા રહી ગઈ છે. અફઘાનિસ્તાનમાં ૧૯૭૦માં સાત લાખ બિનમુસ્લિમો હતા, જે ગૃહયુધ્ધ, મજહબી હિંસા અને તાલિબાની રાજમાં ઘટીને આંગળીએ ગણાય એટલા બચ્યા છે. શું ભારત હિંદુઓ, શીખો, બૌધ્ધો, જૈનોનું પ્રાકૃતિક ઘર નથી? આ પ્રશ્નનો જવાબ સીએએમાં સમાયેલો છે.

# વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે, બીજો વિકલ્પ ભારત!

## ભારત સરકારે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું



(જી.એન.એસ), નવીદિલ્હી તા.૧૦

ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. વાસ્તવમાં, ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. જ્યારથી કોવિડ શરૂ થયો ત્યારથી ત્યાં ઉત્પાદન અને પુરવઠો અટકી ગયો છે. ત્યારથી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને લઈને સર્વત્ર શંકાઓ ઉભી થઈ છે. હવે વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે. એક સમયે વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન કહેવાતા ચીન પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે. અમેરિકા સાથેના સંઘર્ષ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સતત પોતાના માટે નવું ઘર શોધવાનો પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં હવે અમેરિકન અને યુરોપિયન કંપનીઓ ચીનના પાડોશી દેશ ભારતને ખૂબ પસંદ કરી રહી છે. ચીનમાં સ્થિતિ અસ્થિર થતાં જ એપલ ભારત તરફ વળ્યું. તે પછી, વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક એપલે કહ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે ચીનનું સ્થાન લઈ શકે છે. જે બાદ અન્ય કંપનીઓ પણ ધીમે ધીમે પરંતુ ચોક્કસ ભારત તરફ વળે છે. બીજી તરફ આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે પણ એક એવી યોજના બનાવી છે, જેનાથી ૧૦૦ અબજ ડોલરથી વધુની કમાણી થઈ શકે છે એટલે કે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુ એક જ ઝાટકે ગાયબ થઈ જાય છે. ચાલો તમને એ પણ જણાવીએ કે ભારત સરકાર દ્વારા આવી કઈ યોજના બનાવવામાં આવી છે. ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDનું લક્ષ્ય નક્કી કર્યું છે. એટલે કે ચીનમાંથી બહાર આવતા કોઈપણ રોકાણકારે માત્ર ભારત તરફ જ વળવું જોઈએ. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, DPIIT સચિવ રાજેશ કુમારે માહિતી આપી છે કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું રોકાણ વધારવાનું છે. FDIને લઈને દેશમાં વાતાવરણ સંપૂર્ણપણે હકારાત્મક છે. તેમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ ૨૦૨૩ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં દર વર્ષે સરેરાશ $70 બિલિયનનું રોકાણ આવ્યું છે. જે ચાલુ નાણાકીય વર્ષમાં વધારીને ૧૦૦ અબજ ડોલર કરવામાં આવી છે. હાલમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જ્યાં કેટલીક કંપનીઓ પોતાના દમ પર ભારત આવી રહી છે. તેથી હજુ પણ કેટલીક કંપનીઓ છે જે ચીનનો વિકલ્પ શોધી રહી છે. ભારત આવી કંપનીઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરકાર આંતરરાષ્ટ્રીય કંપનીઓને ઉત્પાદનને વેગ આપવા અને વિશ્વની સૌથી મોટી સપ્લાયર બનવા માટે પ્રોત્સાહનો આપી રહી છે. જેને PLI નામ પણ આપવામાં આવ્યું છે. Apple, Samsung આ PLI સ્કીમનો લાભ લઈ રહ્યા છે. તે પછી પણ દેશમાં મેન્યુફેક્ચરિંગમાં એફડીઆઈ અપેક્ષા મુજબ આવ્યું નથી. આ અંગે રાજેશ કુમાર સિંહે મીડિયા રિપોર્ટમાં જણાવ્યું કે વિકસિત દેશોમાં મોંઘવારી વધુ છે. ઉપરાંત, ઉભરતા બજારો સંબંધિત ભૌગોલિક-રાજકીય તણાવ અને ઉચ્ચ જોખમ પરિબળને કારણે, FDI ઓછું જોવા મળી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે આ બધું હોવા છતાં, ભારતમાં અન્ય ક્ષેત્રો જેમ કે EV, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય ઉપભોક્તા ચીજવસ્તુઓમાં વૃદ્ધિની ઘણી સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે સરકાર FDI નિયમોને વધુ સરળ બનાવવા પર કામ કરશે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા જ મેન્યુફેક્ચરિંગનો હિસ્સો વધારવાની વાત કરી ચૂક્યા છે. DPIITમાં સેક્રેટરી રાજેશ કુમાર સિંઘના જણાવ્યા અનુસાર, સરકાર PLI દ્વારા મેન્યુફેક્ચરિંગ વધારી રહી છે અને ટેલિકોમ અને ઓટો ઘટકોની આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

માહિતી આપતાં તેમણે કહ્યું કે હાલમાં દેશમાં લગભગ ૩૯ નવા મેડિકલ કમ્પોનન્ટ્સનું ઉત્પાદન થઈ રહ્યું છે જેનું ઉત્પાદન પહેલાં ક્યારેય થયું ન હતું. સરકાર ઘણા નવા ઔદ્યોગિક કોરિડોર બનાવવાની યોજના બનાવી રહી છે. નવી સરકાર રચાયાના ૧૦૦ દિવસમાં આ કોરિડોરને મંજૂરી મળી જશે તે નિશ્ચિત છે. રાજેશ કુમાર સિંહે કહ્યું કે એ વાત સાચી છે કે પીએલઆઈ સ્કીમના કારણે સ્ટીલ અને ટેક્સટાઈલમાં ખૂબ જ ધીમી વૃદ્ધિ થઈ છે.

# ગુજરાતમાં પાટીદાર વિરૂધ્ધ પાટીદાર નેતા વચ્ચે જંગ, બે દાયકા જૂના ઈતિહાસનું પુનરાવર્તન!



(જી.એન.એસ), રાજકોટ, તા.૧૦

લોકસભાની ચૂંટણીઓની જાહેરાત થયા બાદ ભાજપે ઉમેદવારોના નામ જાહેર કર્યા અને ગુજરાતમાં ભડકો થયો. સૌથી ચર્ચામાં રહી રાજકોટની બેઠક. રાજકોટની બેઠક પર બે ટર્મના સાંસદનું પત્તુ કાપીને ભાજપે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાને ટિકિટ આપી અને બસ ત્યારથી શરૂ થઈ ગઈ ભવાઈ...એક કાર્યક્રમમાં રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે વિવાદિત નિવેદન આપીને બળતામાં ઘી હોમ્યું. ત્યાર બાદ ઢગલાબંધ બાર રૂપાલાએ માફી માંગી પણ હવે મામલો શાંત પડી રહ્યો છે. એવામાં ક્ષત્રિય સમાજ હાલ રૂપાલાને હટાવવાની માંગ કરી રહ્યો છે. ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ કાપવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યો છે. આ સ્થિતિની વચ્ચે કોંગ્રેસ મેળવવા માંગે છે આ તકનો લાભ. આ તકનો લાભ લેવા માટે કોંગ્રેસે ઘડી કાઢી છે ખાસ રણનીતિ. જેના ભાગરૂપે કોંગ્રેસે રાજકોટ લોકસભા બેઠક પર પરસોત્તમ રૂપાલાની સામે પોતાના સૌથી મજબુત નેતા મેદાનમાં ઉતારવાની તૈયારીઓ કરી લીધી છે. સૂત્રોની માનીએ તો કોંગ્રેસ દ્વારા રાજકોટ લોકસભા બેઠક પર કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાની સામે પૂર્વ વિપક્ષી નેતા અને પાટિદાર દિગ્ગજ નેતા પરેશ ધાનાણીને ચૂંટણી લડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ ઝઈઝ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે પરેશ ધાનાણીનું નામ. રાજકોટના કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીના નામની ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે. એક વાત તો અહીં નક્કી છેકે, હવે રાજકોટની બેઠક પર ફરી ઈતિહાસ દહોરાશે. રાજકોટ બેઠક પર પરેશ ધાનાણી ચૂંટણી લડશે એવું હવે પ્રબળ માનવામાં આવી રહ્યું છે. આ અંગે પરેશ ધાનાણીને પણ પક્ષ દ્વારા મનાવી લેવાયા હોવાની પણ ચર્ચા છે. ભાજપને હેટ્રીક મારતો રોકવા માટે કોંગ્રેસ પણ મજબૂત ઉમેદવારોને મેદાનમાં ઉતારી રહી છે. ભાજપે પોતાના બે કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવીયાને પોરબંદર અને પરસોત્તમ રૂપાલાને રાજકોટથી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. જેમાં પોરબંદરમાં કોંગ્રેસે ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ટિકીટ આપી છે. હવે રાજકોટ બેઠક ઉપર કોંગ્રેસ લેઉવા પાટીદારને ટિકીટ આપી શકે છે. જે બેઠક પર હવે સૌ કોઈની નજર છે. હવે લોકસભાની ચૂંટણીના કાઉન્ટડાઉન શરૂ થઈ રહ્યું છે. જેમાં તમામ પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી શરૂ કરવામાં આવી છે. ભાજપે ૨૨ ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે તો કોંગ્રેસે માત્ર ૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. બાકી રહેલા ઉમેદવારોની યાદી ઉપર બંને પાર્ટીઓમાં મંથન ચાલી રહ્યું છે. ત્યાં રાજકોટ બેઠક પર કોંગ્રેસ પાટીદાર નેતા પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારી શકે છે. આ સાથે જ રાજકોટ બેઠક પર પાટીદાર વિરુદ્ધ પાટીદારની જંગ થઈ શકે છે. જેમાં ભાજપે કડવા પાટીદાર સમાજમાંથી આવતાં વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા ને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જ્યાં કોંગ્રેસ તરફથી અમરેલીના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વિપક્ષી નેતા તેમજ લેઉવા પાટીદાર પરેશ ધાનાણીને ચૂંટણી જંગમાં ઉતારી શકે છે.

જો આવું થશે તો ૨૨ વર્ષ બાદ બંને નેતાઓ વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી શકે છે. અગાઉ વર્ષ-૨૦૦૨માં પરેશ ધાનાણીએ પરસોત્તમ રૂપાલાને ૧૬ હજારથી વધારે મતથી હરાવ્યા હતા. જ્યારે હવે બંને નેતાઓલોકસભાની ચૂંટણીમાં એકબીજાની સામસામે આવી રહ્યા છે. જેના કારણે સ્થાનિકોમાં પણ મત અંગે વિભાજન જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છેકે, ૨૨ વર્ષ પહેલાં ગુજરાતની અમરેલી વિધાનસભા બેઠક પર લડાયો હતો બે પાટીદાર નેતાઓ વચ્ચે જબરદસ્ત જંગ. ફરી એકવાર આ જંગના વાગી રહ્યાં છે નગારા. ફરી એકવાર આ બે નેતાઓ આવી શકે છે સામસામે. ફરી એકવાર સામસામે આવી શકે છે આ બે દિગ્ગજ નેતાઓ. અહીં વાત થઈ રહી છે કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી અને ભાજપના દિગ્ગજ નેતા પરસોત્તમ રૂપાલાની. ૨૨ વર્ષપહેલાંપરેશ ધાનાણીએ અમરેલી વિધાનસભા બેઠક પર પરસોત્તમ રૂપાલાને



વિધાનસભા ચૂંટણીમાં હરાવ્યા હતાં. તે સમયે પરેશ ધાનાણી ગૃહમાં સૌથી યુવા ધારાસભ્ય તરીકે બિરાજમાન થયા હતા. હવે ફરી એકવાર આ જંગ છેડાય તેવા એંધાણ જણાઈ રહ્યાં છે. પણ સવાલ એ થાય છેકે, શું આ વખતે ફરી ઈતિહાસનું પુનરાવર્તન થશે? શું નારાજ થયેલો ક્ષત્રિએ સમાજ લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનું ખાતુ ખોલાવી શકે છે? રાજકોટ બેઠક ઉપર લેઉવા પટેલ સમાજના અંદાજે ચાર લાખ અને કડવા પટેલ સમાજના એક લાખ જેટલા મત છે. ભાજપના પરસોત્તમ રૂપાલા કડવા પાટીદાર સમાજમાંથી આવે છે. કોંગ્રેસ અહીંયા જ્ઞાતિવાદી સમીકરણો અંકે કરવા માટે પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારી રહ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્ય જૂઠ બોલીને જીવનની મોટી સંપતિથી વંચિત રહી જાય છે.

- શરદચંદ્ર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૨ ચંદ્રદર્શન, ચૈત્રીચંદ્ર, ચેટીચાંદ (સીંધી) તા.૧૦ એપ્રિલ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૩૦, ભરણી નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૭:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.
વૃષભ:નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
મિથુન:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
કર્ક: ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.
તુલા: તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.
વૃશ્ચિક:વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.
ધન: પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.
મકર: નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.
મીન: કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.

### કેરી રસિકો માટે માઠા સમાચાર

# મિશ્રઋતુના પગલે કેરીમાં ફૂગ જન્ય રોગનો ઉપદ્રવ થયો

## હાલના સમયમાં દિવસ અને રાત્રીના સમયમાં તાપમાનમાં અસમાનતાને કારણે ખેડૂતોને કેરીનો પાક નિષ્ફળ જવાનો ભય છે



નવસારી,તા.૧૦

નવસારીમાં જેમ જેમ કેરીની સિઝન નજીક આવતી જાય છે તેમ તેમ કેરીની વાડી ધરાવતા ખેડૂતોની ચિંતા વધતી જાય છે.વાતાવરણમાં આવેલા ફેરફાર અને હાલના સમયમાં દિવસ અને રાત્રીના સમયમાં તાપમાનમાં અસમાનતાને કારણે ખેડૂતોને કેરીનો પાક નિષ્ફળ જવાનો ભય છે.

કેરીની સિઝન જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ કેરીના ચાહકોની તાલાવેલી વધતી જાય. પરંતુ નવસારીમાં જેમ જેમ કેરીની સિઝન નજીક આવતી જાય છે તેમ તેમ કેરીની વાડી ધરાવતા ખેડૂતોની ચિંતા વધતી જાય છે.

વાતાવરણમાં આવેલા ફેરફાર અને હાલના સમયમાં દિવસ અને રાત્રીના સમયમાં તાપમાનમાં અસમાનતાને કારણે ખેડૂતોને કેરીનો પાક નિષ્ફળ જવાનો ભય છે.

હાલમાં એપ્રિલ માસની શરૂઆત થતાં આંબા પર કેરીના પાક છેલ્લા તબક્કામાં છે. પરંતુ દિવસનું તાપમાન વધતા મોર સાથે અપરિપકવ કેરીનું ખરણ થઈ રહ્યું છે. તેમજ ફૂગ જન્ય રોગોનો ઉપદ્રવ પણ પરેશાન કરી રહ્યો છે.

બીજી તરફ હવામાન વિભાગે ગરમી અને માવઠા બંન્નેની આગાહી કરી છે. આગામી ૨ દિવસ રાજ્યમાં અંગદઝાડતી ગરમી પડવાની સંભાવના વ્યકત કરી છે. જયારે આગામી ૧૨મી એપ્રિલથી ૧૫ એપ્રિલની વચ્ચે વંટોળ સાથે વરસાદની આગાહી કરી છે.

# જળવાયુ પરિવર્તન સમાનતાના અધિકારની બંધારણીય બાંયધરી ઉપર અસર કરે છે : સુપ્રીમ કોર્ટ

**બેન્ચે જણાવ્યું હતું કે, 'વાયુ પ્રદૂષણ, વેક્ટર-જન્ય રોગોમાં પરિવર્તન, વધતું તાપમાન, દુષ્કાળ, પાકની નિષ્ફળતાને કારણે ખાદ્ય પુરવઠામાં અછત, તોફાન અને પૂર જેવા પરિબળોને કારણે આરોગ્યનો અધિકાર પ્રભાવિત થાય છે'**

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને ગુજરાત રાજ્યોમાં ગંભીર રીતે જોખમમાં મૂકાયેલા ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ અને રિન્યુએબલ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચે સંતુલન શોધવા માટે એક સમિતિની રચના કરતી વખતે જણાવ્યું છે. આબોહવા પરિવર્તન સમાનતાના અધિકારની બંધારણીય બાંયધરી ઉપર અસર કરે છે.

સર્વોચ્ચ અદાલતે એપ્રિલ ૨૦૨૧ના અગાઉના આદેશને યાદ કર્યો હતો જેમાં બે રાજ્યોમાં ૮૦,૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ઓવરહેડ ટ્રાન્સમિશન લાઈનને ભૂગર્ભ કરવાની જરૂર હતી. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ,જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે, હાઈ વોલ્ટેજ અને લો વોલ્ટેજ પાવર લાઈનોને અંડરગ્રાઉન્ડ કરવા માટે રિકલિબ્રેશનની જરૂર છે. આબોહવા પરિવર્તન સમાનતાના અધિકારની બંધારણીય ગેરંટી ઉપર અસર કરી શકે છે.

બેન્ચે કહ્યું કે, આબોહવા પરિવર્તનના કુપ્રભાવિત ન થયેલ સ્થિર અને સ્વચ્છ વાતાવરણ વિના, જીવનનો અધિકાર સંપૂર્ણ રીતે પ્રાપ્ત થતો નથી. સ્વાસ્થ્યનો અધિકાર (જે કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનો એક ભાગ છે) વાયુ પ્રદૂષણ, વેક્ટર-જન્ય રોગોમાં પરિવર્તન, વધતું તાપમાન, દુષ્કાળ, પાકની નિષ્ફળતાને કારણે ખાદ્ય પુરવઠામાં અછત, તોફાન અને પૂર જેવા પરિબળોને કારણે પ્રભાવિત થાય છે. ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ્સ (GIBs) ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં જોવા મળે છે અને તેમની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો તેમના નિવાસસ્થાનની નજીક, સૌર પ્લાન્ટ સહિત ઓવરહેડ પાવર ટ્રાન્સમિશન લાઈનો સાથે વારંવાર ટકરાવને આભારી છે.

GIBને આંખો તેમના માથાની આજુબાજુ ઉપર હોય છે તેથી તે આજુબાજુ જ જોઈ શકે છે અને જ્યારે જીવંત વાયરનો સામનો કરવામાં આવે ત્યારે તેમને તેમના ઉડાનનો માર્ગ બદલવામાં મુશ્કેલી પડે છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ઘણા નાગરિકો માટે નિરંતર વીજ પુરવઠાનો અભાવ માત્ર આર્થિક વિકાસને જ નથી અવરોધતો પરંતુ અપ્રમાણસર રીતે મહિલાઓ અને ઓછી આવક ધરાવતા પરિવારો સહિતના સમુદાયોને પણ અસર કરે છે અને અસમાનતાને વધુ કાયમી બનાવે છે. ખંડપીઠે ૨૧ માર્ચે પસાર કરેલા એક આદેશમાં વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, દેહરાદૂનના ડિરેક્ટર, ડો.હરિ શંકર સિંહ, નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફના સભ્ય ડો.નિરંજનકુમાર વાસુ, પૂર્વ પ્રધાન મુખ્ય વન સંરક્ષક, બી. મજમુદાર, પૂર્વ ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને પ્રધાન મુખ્ય વન સંરક્ષક, મહારાષ્ટ્ર, ડો.દેવેશ ગઢવી, નાયબ નિયામક, ધી કોર્બેટ ફાઉન્ડેશન, લલિત બોહરા, સંયુક્ત સચિવ (ગ્રીન એનર્જી કોરિડોર), નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય અને સંયુક્ત સચિવ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય ને સમાવતી સમિતિનું ગઠન કરવાનું કહ્યું હતું. સમિતિ સૌર ઊર્જા ઉત્પાદનની સુવિધા માટે ટ્રાન્સમિશન લાઈનની સ્થાપનાના ક્ષેત્રને પણ આવરી લેશે.



સ્વસ્થ પર્યાવરણનો અધિકાર એ સિદ્ધાંતને સમાવે છે કે, દરેક વ્યક્તિને સ્વચ્છ, સલામત અને તેમની સુખાકારી માટે અનુકૂળ વાતાવરણમાં રહેવાનો અધિકાર છે. આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરાને કારણે રાજ્યોને પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસને પ્રાધાન્ય આપવા માટે ફરજ પાડવામાં આવે છે, જેનાથી આબોહવા પરિવર્તનના મૂળ કારણોનું નિરાકરણ કરવામાં આવે છે અને વર્તમાન અને ભાવિ પેઢીઓની સુખાકારીનું રક્ષણ થાય છે. બેન્ચે જણાવ્યું હતું કે, ભારત જેવા રાષ્ટ્રએ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવા, આબોહવાની અસરોને અનુરૂપ બનવાની અને તંદુરસ્ત અને ટકાઉ વાતાવરણમાં રહેવા માટે તમામ વ્યક્તિઓના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા સહિતની તેમની જવાબદારીઓ સહિત આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેમની જવાબદારીઓ નિભાવવી હિતાવહ છે. આ ચુકાદો આવ્યો છે જીઆઈબીને સુરક્ષિત રાખવા માટે વન્યજીવ કાર્યકર્તા એમ.કે. રણજીતસિંહ અને અન્યોની અરજીના કારણે આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતે પીઆઈએલ ઉપર તેના ૨૦૨૧ના ચુકાદામાં જીઆઈબીને બચાવવા માટે ઘણા નિર્દેશો આપ્યા હતા. તેણે અગાઉ ગુજરાત અને રાજસ્થાનની સરકારોને જ્યાં શક્ય હોય ત્યાં ઓવરહેડ ઈલેક્ટ્રિક કેબલને ભૂગર્ભ કેબલથી બદલવા અને GIB રહેતા હોય તેવા અગ્રતાવાળા વિસ્તારોમાં બર્ડ ડાયવર્ટર્સ સ્થાપિત કરવા માટે નિર્દેશ આપ્યો હતો.

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અને ખાસ કરીને મેડિકલ કોલેજોમાં થતાં રેગિંગ બાબતે સરકારે હાઈકોર્ટમાં રજૂ કરી ગાઈડલાઈન




અમદાવાદ, તા.૧૦

સમગ્ર ગુજરાતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અને ખાસ્ કરીને મેડિકલ કોલેજોમાં થતાં રેગિંગ મુદ્દે થયેલી સુઓ મોટો પિટિશન ઉપર સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ્ અનિરૂદ્ધ માયીની બેન્ચ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકાર તરફથી એક એફિડેવિટ રજૂ કરીને જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં મેડિકલ સહિત તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગને નાથવા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમો મુજબ ગાઈડલાઈન બની ચુકી છે. જેના અમલીકરણ માટે સરકારી ઠરાવ પણ પસાર થઈ ચૂક્યો છે. રેગિંગની ઘટનાઓને લઈને AICTE, MCI અને UGC અંતર્ગત આવતી જે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમોનો ભંગ થશે તેની સામે સક્ષમ ઓથોરિટી પગલાં ભરશે. જ્યારે સંસ્થાઓમાં રેગિંગને લઈને તેના વડા જવાબદાર રહેશે. અગાઉ એડવોકેટ જનરલએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટના આદેશ મુજબ રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગને નાથવા માટેના નિયમો ઘડવામાં આવ્યા છે. આ નિયમો ગુજરાતની અંદર આવેલી તમામ હાયર એજ્યુકેશન સંસ્થા ઉપર લાગુ પડશે. જેમાં મેડિકલ કોલેજોનો પણ સમાવેશ થઈ જાય છે. જુદા જુદા સ્તરે એન્ટી રેગિંગ કમિટી ફરજિયાત કરાઈ છે. જેને લઈને રિઝોલ્યુશન પણ કરવામાં આવ્યું છે. જો કે આ નિયમો UGC અને AICTEના રેગ્યુલેશન સંદર્ભના હતાં પરંતુ MCI સંદર્ભના નિયમોનું રિઝોલ્યુશન બાકી હતું. જેથી સરકારે કોર્ટ સમક્ષ સંપૂર્ણ માહિતી મૂકી હતી. સરકારે જે રિઝોલ્યુશન કર્યું છે, તેમાં ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એન્ડ હાયર એજ્યુકેશન ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું મોનિટરિંગ કરશે. શૈક્ષણિક સંસ્થાઓમાં સંસ્થાનો હેડ તે રેગિંગ સામેની મળેલી ફરીયાદ સંબંધિત પગલાંઓ લેવા માટે જવાબદાર રહેશે. જો હેડ પણ પગલા નહીં ભરે તો હેડની નિમણૂક કરનાર ઓથોરિટી હેડ સમક્ષ પગલાં ભરશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ આ રિઝોલ્યુશનમાં જો ભોગ બનનાર વ્યક્તિ ફરિયાદ નહીં કરે તો તેની સામે પગલાં લેવાનો વિવાદિત મુદ્દો મુકવામાં આવ્યો હતો. જેને લઈને કોર્ટ મિત્રે વાંધો લીધો હતો. હાઈકોર્ટે MCI સંબંધી ગાઈડલાઈન સાથે ઓવરઓલ રિઝોલ્યુશન કરવા સરકારને સૂચના આપી હતી. સરકારે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ જ AICTE, UGC અને MCIની રેગિંગની ગાઈડલાઈન બની છે. જેથી તેના કડક અમલ માટે સરકાર પરિપત્ર બહાર પાડશે.

### રેલવે તંત્ર દ્વારા ટ્રેનોની ઝડપ વધારવાનો નિર્ણય

## હવે વંદે ભારત ટ્રેન માત્ર ૪ કલાક ૪૦ મિનિટમાં મુંબઈ પહોંચશે

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મુંબઈ વચ્ચે મુસાફરી કરનારાઓ માટે વંદે ભારત ટ્રેન હોટ ફેવરિટ બની છે. ત્યારે તમારી મનગમતી ટ્રેન તમને ઓછા સમયમાં અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ પહોંચાડશે. કારણ કે રેલવે તંત્ર દ્વારા ટ્રેનની ઝડપ વધારવાનો નિર્ણય કર્યો છે. હવે વંદેભારત ટ્રેન તમને માત્ર ૪ કલાક ૪૦ મિનિટમાં મુંબઈ પહોંચાડી દેશે. ભારતીય રેલવેએ મિશન રફતારની શરૂઆત કરાવી છે. જે અંતર્ગત એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ વધારવાની કામગીરી ચાલી રહી છે. આ કારણે મુસાફરોનો સમય બચશે. આ માટે અમદાવાદ-મુંબઈ અને મુંબઈ-દિલ્હીની રેલવે લાઈન ઉપર કામ ચાલી રહ્યું છે. મુંબઈ-દિલ્હી ટ્રેકની ક્ષમતા અપગ્રેડ કરવામાં આવી છે. જેથી અમદાવાદ-મુંબઈ અને મુંબઈ-નાગડા લાઈન ઉપરના કુલ ૧૨૬ રેલ બ્રિજને પણ ૧૬૦ કિમીની ઝડપે સક્ષમ બનાવાયા છે. જેથી જલ્દી જ અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી વંદેભારત ટ્રેનનો સમય ઘટી જશે. અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેનની ઝડપ વધારાશે. જેથી હવે અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેન ૪.૪૦ કલાકમાં સફર પૂર્ણ કરશે. મિશન રફતારને પગલે ૪૫ મિનિટથી ૪ કલાક સુધીને સમય બચી જશે. એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ વધારવામાં આવશે. હાલ અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી વંદે ભારત સેમી હાઈ સ્પીડ ૧૩૦ની ઝડપે દોડી રહી છે. જે હવે ૧૬૦ની ઝડપે દોડશે. ન માત્ર વંદે ભારત ટ્રેન પરંતુ રેલવે દ્વારા અન્ય ટ્રેનોની પણ ઝડપ વધારાશે. જેથી આ ટ્રેનો પણ તેમના નિયત સમય કરતા વહેલા મુસાફરોને પહોંચાડશે. જોકે, સમય ઘટવાથી ભાડામાં કોઈ ઘટાડો નહિ થાય, માત્ર ઝડપ વધવાથી પહોંચવાના સમયમાં ઘટાડો થશે. હવેથી તમામ વંદેભારત ટ્રેનો, શતાબ્દી, રાજધાની, દુરન્તો અને એક્સપ્રેસ જેવી ટ્રેનો ૧૬૦ કિમીની ઝડપે દોડશે. આ સાથે રેલવેમાં ગુડ્સ ટ્રેનની પણ ગતિ વધારવામાં આવશે. હવે મુસાફરી કરવી સરળ બનશે સાથે સમયની પણ બચત થશે.

## ચૂંટણીપંચે લોકોને ગેરમાર્ગે દોરવા માટે સમાચાર તરીકે છપાયેલી રાજકીય જાહેરાતો-'પેઈડ ન્યુઝ' સામે અખબારોને ચેતવણી આપી

નવી દિલ્હી, તા.૧૦

ચૂંટણી પંચે અખબારોને યાદ અપાવ્યું છે કે તેઓ લોકોને ગેરમાર્ગે દોરવા માટેના સમાચાર હેડલાઈન્સમાં છૂપી રીતે રાજકીય જાહેરાતો વહન કરવામાં સાવચેત રહે. તેણે એમ પણ કહ્યું છે કે, કોઈ ચોક્કસ પક્ષની જીતની આગાહી કરતી જાહેરાતો ઉપર સ્પષ્ટ નિયંત્રણો હોવા જોઈએ. ECએ જાહેરાતોમાં વણચકાસાયેલ અને પાયાવિહોણા આરોપોના મુદ્દાઓને સંબોધિત કરવાની માંગ કરતી વખતે જણાવ્યું હતું કે ચૂંટણીના પરિણામો સંબંધિત કોઈપણ પ્રકારની સત્તાકીય સામગ્રીને ટાળવામાં આવશે. મીડિયા કવરેજ ઉપર આ સપ્તાહની શરૂઆતમાં જારી કરાયેલ પ્રેસ નોટમાં મતદાન પેનલે જણાવ્યું હતું કે, પ્રિ-પોલના દિવસે અને મતદાનના દિવસે પ્રિન્ટ મીડિયામાં જાહેરાતો માટે સંબંધિત મીડિયા પ્રમાણન અને મોનિટરિંગ કમિટી પાસેથી પ્રી-સર્ટિફિકેશનની જરૂર પડશે. તેણે માર્ચમાં જારી કરાયેલા માર્ગદર્શિકા દરમ્યાન ભાષણના સ્તરમાં ઘટાડો કરવા અંગેની તેની સલાહનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું, રાજકીય જાહેરાતો, ખાસ કરીને સ્કાયબસ જાહેરાતો, જે




વાચકોને ગેરમાર્ગે દોરવા માટે સમાચાર હેડલાઈન્સમાં છૂપી રીતે હોય છે, તે અખબારોમાં પ્રકાશિત કરવામાં આવશે નહીં. તેણે પ્રિન્ટ મીડિયાનું ધ્યાન પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અને ચૂંટણી દરમ્યાન અનુસરવામાં આવતા પત્રકારોના આચાર૨૦૨૨ના ધોરણો તરફ દોર્યું. એ જ રીતે, તેણે ઈલેક્ટ્રોનિક મીડિયાને ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ અને ડિજિટલ એસોસિએશન દ્વારા જારી કરાયેલ ચૂંટણી પ્રસારણ માટેની માર્ગદર્શિકાની યાદ અપાવી.

## લિંગાયત સંતે કેન્દ્રીય મંત્રી સામે ચૂંટણી લડવાની જાહેરાત કરતાં ભાજપ મુશ્કેલીમાં

**ધારવાડ પ્રદેશ મતદારોમાં લિંગાયતોની બહુમતી હોવાનું કહેવાય છે, જ્યારે ચાર વખત સાંસદ રહેલા પ્રહલાદ જોશી બ્રાહ્મણ છે**

બેંગ્લુરૂ, તા.૧૦

શિરહટ્ટી ફક્કીરેશ્વર મઠના ફકીરા દિંગલેશ્વર સ્વામી, અગ્રણી વીરશૈવ લિંગાયત સંતે જણાવ્યું હતું કે, તેમણે આગામી લોકસભા ચૂંટણીમાં ધારવાડ સેગમેન્ટમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે લડવાનું નક્કી કર્યું છે. ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશીને વારંવાર નિશાન બનાવતા, તેમણે તેમના ઉપર વીરશૈવ-લિંગાયત અને અન્ય સમુદાયો ઉપર 'દમન' કરવાનો અને લિંગાયત ગણિતનો દુરૂપયોગ કરવાનો અને સત્તામાં રહેવા માટે તેમનો અનાદર કરવાનો આરોપ મૂક્યો. દિંગલેશ્વર સ્વામીએ આક્ષેપ કર્યો હતો કે, 'હું ધારવાડ લોકસભા મતવિસ્તારમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે મારી ઉમેદવારીની જાહેરાત કરૂં છું. જેમ તમે જાણો છો તેમ રાષ્ટ્રીય પક્ષોએ ધારવાડ મતવિસ્તારમાં તેમના ઉમેદવારો અને લોકો જાહેર કર્યા છે અને આસપાસના લોકોને લાગે છે કે, બંને પક્ષો મેચ ફિક્સિંગ જેવા ચૂંટણી ફિક્સિંગમાં પ્રવેશ્યા છે.' સ્વામીના નિર્ણય ઉપર પ્રતિક્રિયા આપતા જોશીએ કહ્યું, 'દિંગલેશ્વર સ્વામીની કોઈ પ્રતિક્રિયા નથી. તે જે કંઈ કહે તે મારા માટે આશીર્વાદ છે.'

દ્રષ્ટાએ કોંગ્રેસ ઉપર સત્તામાં આવ્યા પછી લિંગાયતોની અવગણના કરવાનો અને સમુદાયના લાયક નેતાઓને યોગ્ય હોદ્દા ન આપવાનો આરોપ પણ લગાવ્યો. અહીં પત્રકારો સાથે વાત કરતા તેમણે બંને રાષ્ટ્રીય પક્ષો પર ધારવાડ મતવિસ્તારના લોકો સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ લગાવ્યો. સ્વામીએ જણાવ્યું કે, 'જ્યારે બંને પક્ષોએ તેમના ઉમેદવારો ઊભા કર્યા છે, ત્યારે ધારવાડના મતદારોએ મને તેમના ઉમેદવાર તરીકે ઊભા કરવાનો નિર્ણય કર્યો છે. બે રાષ્ટ્રીય પક્ષો અને સ્વાર્થી રાજકારણીઓ સામે તેમની ગરિમા અને 'કવિધારીઓ' દ્વારા ઘોષિત કરાયેલ આ 'ધર્મ યુદ્ધ' છે,' તેઓ લોકોમાં રાજકીય જાગૃતિ લાવવા માટે રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે. 'ધર્મમાં રાજકારણ ન હોવું જોઈએ અને રાજકારણમાં 'ધર્મ' હોવો જોઈએ, એવી લોકોની ઈચ્છા છે અને હું ચૂંટણી પછી પણ આ ચાલુ રાખીશ,' તેમણે ઉમેર્યું હતું કે, તેમનો. દલિત સમુદાયો અને તેમના નેતાઓની તરફેણમાં તેમના જીવનના અંત સુધી આ 'ધર્મયુદ્ધ' ચાલુ રહેશે. ધારવાડ પ્રદેશના કેટલાક સંતો, ખાસ કરીને લિંગાયત સમુદાયના લોકો ૨૭ માર્ચે હુબલીમાં દિંગલેશ્વર સ્વામીના નેતૃત્વમાં મળ્યા હતા અને ભાજપના કેન્દ્રીય નેતૃત્વને પક્ષના ધારવાડ લોકસભા ઉમેદવાર પ્રહલાદ જોશીને બદલવા માટે કહ્યું હતું. તેઓએ પાર્ટીને નિર્ણય લેવા માટે ૩૧ માર્ચ સુધીનો સમય આપ્યો હતો. તે બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, 'ઉત્તરની જેમ' દક્ષિણમાં પણ સ્વામીજીઓએ રાજકીય ક્ષેત્રમાં કામ કરવું જોઈએ અને ચૂંટણી લડવી જોઈએ. ધારવાડ વિસ્તારના મતદારોમાં લિંગાયતો બહુમતીમાં હોવાનું કહેવાય છે, જ્યારે ચાર વખત સાંસદ રહી ચૂકેલા જોશી બ્રાહ્મણ છે. સંસદીય બાબતો, કોલસા અને ખાણ વિભાગના કેન્દ્રીય પ્રધાન જોશીને નિશાન બનાવતા તેમણે આરોપ મૂક્યો હતો કે, અન્ય સમુદાયના નેતાઓ ઉપર દમન કરવામાં જોશી એક હીરો છે, પરંતુ જ્યારે વિકાસની વાત આવે છે, ત્યારે તેઓ શૂન્ય છે અને ઘણા કારણો પૈકીનું એક આ કારણ છે જેના લીધે હું ચૂંટણી લડવા જઈ રહ્યો છું. તેમણે પૂછ્યું કે, જોશીએ સાંસદ તરીકેના તેમના ૨૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન મતવિસ્તાર અને રાજ્ય માટે શું કર્યું છે. જોશીએ તેમના તરફથી એવું જાળવ્યું છે કે, તેઓ સંતની ટિપ્પણીઓને આશીર્વાદ તરીકે ગણશે અને આવનારા દિવસોમાં ગેરસમજણો, જો કોઈ હોય તો તેને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરશે, જ્યારે ભાજપના દિગ્ગજ લિંગાયત નેતા બી.એસ. યેદિયુરપ્પાએ સ્પષ્ટપણે કહ્યું છે કે, જોશીની બદલીનો પ્રશ્ન જ નથી.

### ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેને પત્રકાર પરિષદ યોજી આપી જાણકારી

## પોલીસ ભરતીમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં પોલીસ અને LRDની ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યાં છે. આ વચ્ચે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓજસ ઉપર પોલીસ ભરતી માટે અરજી થઈ રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. કુલ ૧.૧૮ લાખ અરજીઓ કન્ફર્મ થઈ છે. તેમણે કહ્યું કે ૧૦ લાખ જેટલી અરજીઓ થવાની સંભાવના છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, ધોરણ ૧૨ અને કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોલીસ ભરતીમાં અરજી કરી શકશે. એટલે કે રાજ્યમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીમાં આ વિદ્યાર્થીઓને પણ તક મળશે. હસમુખ પટેલે કહ્યું કે લોકરક્ષક અને પીએસઆઈ ભરતી માટે ઉમેદવારોને ચોમાસા પછી શારીરિક પરીક્ષા પહેલા અરજી કરવાની તક મળશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યુ કે રાજ્યમાં પોલીસ વિભાગના ૧૨૪૭૩ પદ ઉપર ભરતી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ અરજીઓ આવી છે. ભરતી બોર્ડના ચેરમેને કહ્યું કે જો આ ઝડપે ફોર્મ ભરાય તો ૭.૫ લાખ અરજીઓ આવી શકે છે. તેમણે કહ્યું કે આશરે ૧૦ લાખ જેટલી અરજી થવી જોઈએ. હસમુખ પટેલે ઉમેદવારોને વહેલી તકે અરજી કરવાની પણ વિનંતી કરી હતી. હસમુખ પટેલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે ઉમેદવારો માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ઉમેદવારોને કોઈ પ્રશ્ન હોય તો હેલ્પલાઈન ઉપરથી મદદ માંગી શકે છે. આ હેલ્પલાઈન નંબર ૮૧૬૦૮ ૮૦૩૩૧, ૮૧૬૦૮ ૫૩૮૭૭ છે. જો તમે પણ પોલીસ ભરતીમાં ફોર્મ ભરવા ઈચ્છો છો તો ઓજસ ઉપર જઈને ઓનલાઈન ફોર્મ ભરી શકો છો.

## શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણીનો ધમધમાટ : મતદાર યાદી તૈયાર કરવાનું શરૂ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણી માટે સોમવારથી મતદાર યાદી અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં હાલમાં શાળાઓમાં મતદાર નોંધણી માટેના અરજી પત્રકો મોકલવામાં આવી રહ્યા છે. શાળાઓએ અરજીપત્રકો ભરી પરત મોકલવાના રહેશે. છેલ્લે જિલ્લા કક્ષાએથી ૧૮ એપ્રિલથી ૨૨ એપ્રિલ દરમ્યાન શિક્ષણ બોર્ડ ખાતે ભરાયેલા અરજીપત્રકો જમા કરાવવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોની ચૂંટણી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં હાલના તબક્કે મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી.પંડ્યાની અધ્યક્ષતામાં EVM - VVPATનું પ્રથમ રેન્ડમાઈઝેશન કરાયું

## રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પારદર્શક રીતે રેન્ડેમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના ઈવીએમ-વીવીપેટ વેરહાઉસમાં સંગ્રહીત ઈવીએમ-વીવીપેટ મશીનોનું આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ સંદર્ભે સોફટવેર મારફત ઈવીએમ-વીવીપેટનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન EMS સોફટવેર મારફત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જી. ટી. પંડ્યાની ઉપસ્થિતિમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પારદર્શક રીતે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રેન્ડમાઈઝેશનના અંતે કોમ્પ્યુટરાઈઝડ જનરેટ થયેલા ઈવીએમ-વીવીપેટની વિધાનસભા મતવિભાગવાર યાદીઓ મુજબ ૧૨-જામનગર લોકસભા મતવિભાગમાં સમાવિષ્ટ દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગોના મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રીઓને ઈવીએમ-વીવીપેટની ફાળવણી કરવામાં આવી હતી.

ઈવીએમ-વીવીપેટના ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ રેન્ડમાઈઝ્ડ ઈફસ્ની યાદી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને પૂરી પાડવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચની સ્થાયી સૂચના અનુસાર ૮૧-ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગોને ફાળવવામાં આવેલા ઈવીએમ-વીવીપેટ મશીનોને બંધ બોડીના વાહનમાં સુરક્ષિત વહન સશસ્ત્ર પોલીસ દળો સાથે કરવામાં આવેલા અને વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત સંગ્રહ કરવામાં આવ્યા છે.

ઈવીએમ-વીવીપેટ વહન કરતા વાહનનું ટ્રેકિંગ અને મોનિટરીંગ VTS App મારફત કરવામાં આવ્યું હતું. જિલ્લામાં વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં સંગ્રહિત આ ઈવીએમ-વીવીપેટ મશીનોનો ઉપયોગ આગામી લોકસભા મતવિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં મતદાન માટે કરવામાં આવશે.

# આજે ૧૦ એપ્રિલ સિંધી સમુદાય માટે ઐતિહાસિક દિવસ : સિંધી ભાષા દિવસ

## એક કાળમાં સોમનાથ-વેરાવળ અને જૂનાગઢમાં સિંધી ભાષાની મિડીયમ સ્કુલો ધમધમતી હતી



પૂ. સ્વામી લીલાશાહ વિદ્યામંદિર ઉદ્‌ઘાટન તા. ૨૦-૮-૧૯૭૨ | પૂ. સ્વામી લીલાશાહ વિદ્યામંદિર જૂનાગઢ ખાતમૂર્હુત તા. ૧૮-૧-૧૯૭૩

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

૧૦ એપ્રિલ ૧૯૬૭ એ ભારતના સિંધી સમુદાય માટે એક ઐતિહાસિક દિવસ છે. કારણ કે એ દિવસે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાધાકૃષ્ણએ ભારતના બંધારણની આઠમી અનુસુચીમાં સિંધી ભાષાનો સમાવેશ કરવાના બીલ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. તેથી જ આ દિવસને સિંધી ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ઓગષ્ટ ૧૯૪૭ માં ભારતમાં ભાગલા વખતે તેમને તેમની માતૃભૂમિ છોડી ભારત આવ્યા ત્યારે બંધારણમાં ૧૪ ભાષાઓ સમાવિષ્ટ હતી અને એપ્રિલ ૧૯૬૭ ના રોજ લોકસભામાં સિંધી ભાષા બીલ પસાર થયા પછી એપ્રિલ ૮ મી શનિવાર અને ૯ મી રવિવારના રોજ તમામ સરકારી કચેરીઓ બંધ હતી. અને ૧૦ એપ્રિલ ૧૯૬૭ એ ચેટીચાંદ ઉત્સવનો દિવસ હતો. આવા પ્રસંગે જયરામદાસ દોલતરામજીના પ્રયાસોથી તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાધાકૃષ્ણજીએ ૧૦ એપ્રિલ ૧૯૬૭ના રોજ ખરડા ઉપર હસ્તાક્ષર કર્યા અને ચેટીચાંદના તહેવાર ઉપર સિંધી સમુદાયને આ ભેટ મળી અને બંધારણની આઠમી અનુસુચીમાં સિંધીને ૧૫મી ભાષા તરીકે સામેલ કરવામાં આવી ત્યારથી સિંધી ભાષા દિવસ ઉજવાય છે.

વેરાવળના સિંધી મિડીયમ સ્કુલના નિવૃત આચાર્ય કહે છે 'આજે વેરાવળ તો શું આખા રાજયભરમાં સિંધી મિડીયમ સ્કુલ નથી. કારણ કે વ્યવસાય અને વ્યવહારમાં અંગ્રેજી જ જરૂરીયાત ઉભી થતા અને સિંધી મિડીયમ સ્કુલ માત્ર પ્રાથમિક કે હાઈસ્કુલ સુધીજ મર્યાદિત રહેતી પરંતુ કોલેજમાં તો અંગ્રેજી કે ગુજરાતી મિડીયમ જ રહેતું જેથી પરિવારો પોતાના સંતાનોને અંગ્રેજી મિડીયમ સ્કુલમાં પહેલેથી જ બેસાડવા માંડયા અને સ્કુલો બંધ થવા માંડી. આ જ વાતમાં સુર પુરાવતા વેરાવળના અશોક ભીમાણી કહે છે કે હવે અહીં કોઈ સિંધી મિડીયમ સ્કુલ નથી. કારણ કે બધાને લાગ્યું કે વેપરા, નોકરી અને વિદેશ પ્રવાસ આ તમામમાં અંગ્રેજી અને ગુજરાતી, હિન્દી જ ભાષા પ્રચલિત અને અનુકુળ છે અને તેમાં જ સંતાનોનું ભાવિ ઉજજવળ છે. જેથી સિંધી મિડીયમ સ્કુલને તાળા લાગી ગયા છે.

હજુ તેની યાદ આપતું બોર્ડ વેરાવળમાં આજેય દેખાય છે. જો કે ઘરમાં બોલચાલની ભાષામાં કે અરસ-પરસ સમુદાયમાં સિંધી ભાષા બોલાય છે. સિંધી નિર્વાસીત ભાઈઓની મદદમાં પ્રભાસ પાટણના નાગર અને તત્કાલીન કુતિયાણાના એડમીનીસ્ટ્રેટર ઈતિહાસ-લેખક શંભુપ્રસાદ દેસાઈએ તા.૧૨-૪-૪૮ ના રોજ મિડલ સ્કુલ, પ્રાથમિક સ્કુલ તથા કન્યાશાળા શરૂ કરાવી અને તેમાં નિર્વાસીત થયેલા શિક્ષકોને જ રાખ્યા અને તા.૧૩-૪-૪૯ ના રોજ સૌરાષ્ટ્રના અન્ય સ્થળોએ નિર્વાસીત છાવણીમાંના કેટલાક સિંધી ભાઈઓને પ્રભાસ પાટણમાં વસાવ્યા અને પોતાને ખર્ચે જમાડયા પણ હતા.

સંત પૂ.લીલાશાહના પ્રયત્નો અને સહયોગથી જૂનાગઢમાં તા.૨૦-૮-૧૯૭૨ ના રોજ લીલાશાહ સિંધી હાઈસ્કુલનું ઉદ્‌ઘાટન થયું જેમાં શંભુભાઈ દેસાઈ ખાસ નિમંત્રીત તરીકે હાજર રહયા હતા. અને નવા સિંધી હાઈસ્કુલની ભૂમિ માટે તા.૧૮-૧-૧૯૭૩ ના રોજ ભૂમિપૂજન અને તે દિવસે પૂ.સંત શ્રી લીલશાહે શંભુભાઈ દેસાઈને ઘરે પધરામણી કરી હતી.

પ્રભાસ પાટણમાં વર્ષો લગી વાસુદેવ માસ્તર સિંધી મિડીયમ સ્કુલ ચલાવતા પરંતુ વિદ્યાર્થી સંખ્યાને અભાવે તે કાયમી માટે બંધ થઈ ગઈ છે. પ્રાચીન સિંધી ભાષાનું જતન-જાળવણી અને ભાષા ઈતિહાસની દ્રષ્ટીએ પણ સંવર્ધન અને કાયમી યાદ રહે તેવું કરવું જોઈએ.

## ધોનીને જોઈને વિકેટકીપર બનવા માંગતો હતો

# ગુજરાત સામે પાંચ વિકેટ ઝડપનાર કોણ છે યશ ઠાકુર

નવી દિલ્હી, તા.૧૦

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૨૧મી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ એ ગુજરાત ટાઈટન્સ ને ૩૩ રને હરાવી હતી. રવિવારે લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં યજમાન ટીમે ૧૬૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની ટીમ માત્ર ૧૩૦ રન પર જ બનાવી શકી હતી. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી લખનૌ સુપર જાયન્ટ્સની જીતનો હીરો ફાસ્ટ બોલર યશ ઠાકુર રહ્યો હતો. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી હતી. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં પ્રથમ વખત કોઈ બોલરે પાંચ વિકેટ લીધી હતી. યશે પોતાની પહેલી જ ઓવરમાં ગુજરાતના કેપ્ટન શુભમન ગિલને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ જ્યારે યશને ફરીથી બોલિંગ આપી ત્યારે તેણે ડબલ વિકેટ મેડન ઓવર ફેંકી હતી. જોકે યશને તેની ત્રીજી ઓવરમાં કોઈ સફળતા નહોતી મળી. પરંતુ છેલ્લી ઓવરમાં તેણે બે વિકેટ લઈને ટીમને જીત અપાવી હતી. યશ ઠાકુરે શુભમન ગિલ ઉપરાંત વિજય શંકર, રાશિદ ખાન, રાહુલ તેવટિયા અને નૂર અહેમદની વિકેટ લીધી હતી. યશ ઠાકુરનું આ પ્રદર્શન ઘણું મહત્ત્વનું છે. આ મેચ દરમિયાન લખનૌનો ફાસ્ટ બોલર મયંક યાદવ ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. આવી સ્થિતિમાં વિકેટ લેવાની જવાબદારી યશ પર જ આવી ગઈ હતી. યશે પોતાની ટીમનો વિશ્વાસ બનાવી રાખ્યો અને શાનદાર પ્રદર્શન કર્યું હતું. મયંક અને મોહસીન ખાન જેવા ફાસ્ટ બોલરોની ઈજાને કારણે લખનૌની ટીમ આગામી મેચોમાં પણ યશ ઠાકુર પાસેથી આવા જ શાનદાર પ્રદર્શનનની આશા કરી રહી હશે ધોની-ઉમેશને પોતાના આદર્શ માને છે યશ ઠાકુર યશ ઠાકુરનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૯૮ના રોજ કોલકાતામાં થયો હતો. જોકે તે વિદર્ભ માટે ઘરેલું ક્રિકેટ રમે છે. રસપ્રદ વાત એ છે કે યશ તેની ક્રિકેટ કારકિદીની શરૂઆતમાં વિકેટકીપર બનવા માંગતો હતો.

# ચૈત્રી નવરાત્રીની શ્રી ખોડલધામ મંદિરે ધામધૂમથી થઈ રહેલી ઉજવણી

## નવ દિવસ વિવિધ જિલ્લા/તાલુકાની શ્રી ખોડલધામ સમિતિની બહેનો દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કિર્તન સહિતના કાર્યક્રમોનું આયોજન

### મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ શહેર, પડધરી, લોધિકા, કોટડા સાંગાણી, ધોરાજી, ઉપલેટા, ગોંડલ, જામનગર, દેવભૂમિ દ્વારકા, જેતપુર અને જામકંડોરણાની મહિલા સમિતિ દ્વારા નવ દિવસ કરાશે મા ખોડલની આરાધના



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૦

હિંદુ ધર્મમાં ધામધુમથી ઉજવાતી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે. ચૈત્રી નવરાત્રીમાં ભક્તો દ્વારા મા દુર્ગાની વિશેષ આરાધના કરવામાં આવતી હોય છે. ચૈત્રી નવરાત્રીમાં વિશેષ ફળની પ્રાપ્તિ માટે ભક્તો માતાજીની ઉપાસના કરતા હોય છે. માતાજીને પ્રસન્ન કરવા ભક્તો દ્વારા અનોખી ભક્તિ કરવામાં આવતી હોય છે. ભક્તો ચૈત્રી સુદ એકમથી લઈને નોમ સુધી મા દુર્ગાની પૂજા અર્ચના કરતા હોય છે. નવરાત્રીના પ્રથમ દિવસે ઘટસ્થાપનની સાથે સાથે મા શૈલપુત્રીની પૂજા કરવામાં આવતી હોય છે. ખાસ કરીને મહિલાઓને મા શૈલપુત્રીની પૂજા કરવાથી વિશેષ લાભ થાય છે. પ્રથમ નવરાત્રીથી જ હિંદુ નવ વર્ષનો પ્રારંભ થાય છે. ત્યારે ચૈત્રી નવરાત્રિના પ્રારંભથી જ વિશ્વ પ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિર ખાતે ભક્તિમય માહોલની વચ્ચે ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થયો છે. મા ખોડલની ભક્તિમાં ભાવિકો લીન થઈ ગયા છે. ચૈત્રી નવરાત્રિમાં નવ દિવસ સુધી દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ખોડલધામ મંદિરે વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્વપ્રદ્રષ્ટા શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ચૈત્રી નવરાત્રિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી રહી છે. ચૈત્રી નવરાત્રિ દરમ્યાન શ્રી ખોડલધામ મંદિરે અલગ અલગ ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધુન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ શ્રી ખોડલધામ મંદિર ખાતે કરવામાં આવશે. આજ રોજ તારીખ ૯ એપ્રિલ ને મંગળવારના રોજ ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે સવારથી સાંજ સુધી શ્રી ખોડલધામ મહિલા સમિતિ- સુરેન્દ્રનગર અને મોરબીની મહિલાઓ દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કિર્તન કરવામાં આવ્યા હતા. બપોરે મહિલા સમિતિની બહેનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ચૈત્રી નવરાત્રિનો પ્રથમ દિવસ હોય મોટી સંખ્યામાં ભાવિકો પણ મંદિરે દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને મા ખોડલના દર્શનનો લ્હાવો લઈ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ચૈત્રી નવરાત્રિમાં નવે નવ દિવસ શ્રી ખોડલધામ મંદિરે વિવિધ જિલ્લા/તાલુકાની શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કિર્તન સહિતના કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં પ્રથમ નોરતે સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લો, બીજા નોરતે ભાવનગર અને બોટાદ જિલ્લો, ત્રીજા નોરતે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લો, ચોથા નોરતે અમરેલી જિલ્લો, પાંચમાં નોરતે રાજકોટ શહેર/પડધરી/લોધિકા/કોટડા સાંગાણી તાલુકો, છઠ્ઠા નોરતે ધોરાજી અને ઉપલેટા તાલુકો, સાતમાં નોરતે ગોંડલ તાલુકો, આઠમાં નોરતે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લો અને નવમાં નોરતે જેતપુર અને જામકંડોરણા તાલુકાની મહિલાઓ શ્રી ખોડલધામ મંદિરે આવી ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવનાર છે.

# આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે પોલિસીબઝાર સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી

## પાર્ટનરશિપ દ્વારા ૧૦ મિલિયન ગ્રાહકોની એક્સેસ મળશે

મુંબઈ તા. ૧૦

એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ ભારતની અગ્રણી ખાનગી જનરલ ઈન્શ્યોરન્સ કંપની આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ અને ભારતના સૌથી મોટા ઈન્શ્યોરન્સ પ્લેટફોર્મ પોલિસીબઝારે ભાગીદારી કરવા માટે હાથ મિલાવ્યા છે. આ વ્યૂહાત્મક ભાગીદારી આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના વ્યાપક પ્રોડક્ટ પોર્ટફોલિયો અને પોલિસીબઝારની બહોળી પહોંચને સાથે લાવશે જે ભારતના ગ્રાહકો માટે એકસેસીબલ ઈન્શ્યોરન્સ સોલ્યુશન્સનું વચન આપે છે.

આ સહયોગ મોટર ઈન્શ્યોરન્, હેલ્થ ઈન્શ્યોરન્સ, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, હોમ ઈન્શ્યોરન્સ અને બિઝનેસ ઈન્શ્યોરન્સ સહિતની વિવિધ ઈન્શ્યોરન્સ પ્રોડક્ટ્સ સાથે લગભગ ૧૦ મિલિયન ગ્રાહકોને એકસેસ પૂરી પાડશે. આ ભાગીદારીમાં પોલિસીબઝાર પ્લેટફોર્મની અનેક બિઝનેસ લાઈનનો સમાવેશ સમાવિષ્ટ છે જેમ કે રિટેલ ગ્રાહકો માટે policybazaar.com, કોર્પોરેટ્સ માટે પીબી ફોર બિઝનેસ અને ચેનલ પાર્ટનર્સ માટે પીબી પાર્ટનર્સ.

આ પાર્ટનરશિપ ઈન્શ્યોરન્સ ડિસ્ટ્રીબ્યુશનને નોંધપાત્ર વધારશે જે સરળ ડિજિટલ પ્લેટફોર્મની સુગમતા દ્વારા દેશના દરેક ખૂણે વ્યાપક કવરેજ પહોંચે તે સુનિશ્ચિત કરશે.

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના રિટેલ અને ગવર્મેન્ટ બિઝનેસના ચીફ આનંદ સિંઘીએ જણાવ્યું હતું કે "ગુડી પડવાના પવિત્ર દિવસે અમે ગ્રાહકો માટે અમારા નવીનતમ ઈન્શ્યોરન્સ સોલ્યુશન્સ ઓફર કરવા માટે પોલિસીબઝાર સાથે હાથ મિલાવતા આનંદ અનુભવીએ છીએ. ઈન્શ્યોરન્સના પ્રસારને વધારવા માટે ડિજિટલ ડિસ્ટ્રીબ્યુશનની મહત્વની ભૂમિકાને સમજતા અમે સરળતાથી ઈન્શ્યોરન્સ ખરીદવા માટે ગ્રાહકોને એક્સેસીબલ અને વ્યાપક પ્લેટફોર્મ ઓફર કરીને અમે ભારતમાં ઈન્શ્યોરન્સને સુલભ બનાવવાનો ધ્યેય રાખીએ છીએ. અમારું લક્ષ્ય લગભગ ૧૦ મિલિયન ગ્રાહકોને પસંદગી તથા પારદર્શકતા સાથે સશક્ત બનાવવાનો છે જે ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે."

આ સહયોગ અંગે પીબી ફિનટેકના જોઈન્ટ ગ્રુપ સીઈઓ સર્બવીર સિંહે જણાવ્યું હતું કે "અમે પોલિસીબઝારમાં આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડનું સ્વાગત કરતા ખૂબ જ ખુશ અને રોમાંચિત છીએ. આ ભાગીદારી અમારા ગ્રાહકોને આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડની અદ્વિતીય ઈન્શ્યોરન્સ પ્રોડક્ટ્સ તથા ગ્રાહક અનુભવ આપશે. તે દેશમાં ૨૦૪૭ સુધીમાં તમામને ઈન્શ્યોરન્સના વિઝનને સાકાર કરવા માટે અમારી સહિયારી પ્રતિબદ્ધતા પર પણ રચાયેલી છે."

## પાકિસ્તાનમાં સેશન્સ કોર્ટનો દુર્લભ નિર્ણય

# એક વ્યક્તિને ૮૦ કોરડા મારવાની કોર્ટે કરી સજા

લાહોર, તા.૯

પાડોશી દેશ પાકિસ્તાનમાં, કરાચીની એક અદાલતે એક પુરુષને તેની પત્ની પર વ્યભિચારનો ખોટો આરોપ લગાવવા અને તેના બાળકોને નકારવા બદલ ૮૦ કોરડા મારવાની દુર્લભ સજા ફટકારી છે. પાકિસ્તાનમાં આ પ્રકારની સજા હવે સામાન્ય રીતે આપવામાં આવતી નથી. ડોનના અહેવાલ મુજબ, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ માલીર શહેનાઝ બોહ્યોએ આરોપી ફરીદ કાદિરને ઓછામાં ઓછા ૮૦ કોરડા મારવાની સજા સંભળાવી છે. આ વિવાદાસ્પદ નિર્ણય કઝફ ઓફેન્સીસ (એન્ફોર્સમેન્ટ ઓફ લિમિટેશન) ઓર્ડિનન્સ, ૧૯૭૯ની કલમ ૭(૧) હેઠળ લેવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, જે કોઈ કઝફ માટે જવાબદાર છે તેને ૮૦ કોરડા મારવાની સજા કરવામાં આવશે. ન્યાયાધીશે પોતાના ચુકાદામાં લખ્યું છે કે, "તે એકદમ સ્પષ્ટ છે કે આરોપી જૂઠો છે અને તેણે ફરિયાદી પર તેની પુત્રીના સંબંધમાં વ્યભિચારનો આરોપ મૂક્યો હતો. તેથી તેને કઝફ ઓર્ડિનન્સ ૧૯૭૯ની કલમ ૭ (૦૧) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને ૮૦ કોરડા મારવાની સજા આપવામાં આવી છે." ન્યાયાધીશના ચુકાદામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આરોપીને માત્ર કોરડા મારવાની સજા કરવામાં આવી છે, તેથી, તેણે આ શરતને આધીન જામીન પર રહેવું જોઈએ કે તે કોરડાની સજા લાદવા માટે આ અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે. અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે. કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં. કેસની વિગતો મુજબ, ફરીદ કાદિર (દોષિત)ની પૂર્વ પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૫માં થયા હતા અને તે ઓછામાં ઓછા એક મહિનાથી ફરીદ સાથે રહેતી હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ફરીદની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો. ફરીદની ભૂતપૂર્વ પત્નીએ કહ્યું, "મારો પતિ (ફરીદ) ભરણપોષણ ચૂકવવા આવ્યો ન હતો અથવા તો મને અને અમારી નવજાત પુત્રીને તેના ઘરે પાછો લઈ ગયો. મેં ફેમિલી કોર્ટમાં કેસ કર્યો અને આદેશ મારી તરફેણમાં આવ્યો. કોર્ટે ફરીદને મારી અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ મારા પતિએ કોર્ટની કાર્યવાહી દરમિયાન કોર્ટમાં બે અરજીઓ રજૂ કરી હતી, જેમાં બાળક માટે ડીએનએ ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી અને તેની પુત્રીને નામંજૂર કરવામાં આવી હતી. આ અરજીઓ બાદમાં ફરીદ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી. બીજી તરફ આરોપી ફરીદે તેની પૂર્વ પત્ની દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેની પત્નીએ તેની સાથે માત્ર છ કલાક વિતાવ્યા હતા. ફરીદે કહ્યું, "હું અને મારી પત્ની માત્ર છ કલાક જ સાથે રહ્યા. પછી તે ઘરે ગયો અને ક્યારેય પાછો આવ્યો નહીં. પાકિસ્તાની કાયદા હેઠળ, આ કેસમાં અલગ સજા આપી શકાઈ હોત, પરંતુ દોષિતને ૮૦ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી હતી. આ એક એવી સજા છે જે ૭૦ના દશકના ઝિયા ઉલ હકના યુગ પછી જોવામાં આવી નથી. ફરિયાદી સાયરા બાનુએ કહ્યું, "વકીલ તરીકેની મારી ૧૪ વર્ષની સેવા દરમિયાન, મેં કાફ ઓર્ડિનન્સની કલમ ૭ હેઠળ કોરડા મારવાની કોઈ સજા જોઈ નથી." "આ કોરડા મારવાની સજા દાયકાઓમાં શારીરિક સજાના સ્વરૂપમાં તેના પ્રકારની પ્રથમ ઘટના હોઈ શકે છે."

# સોમનાથ તીર્થમાં ભગવાન શ્રી કૃષ્ણના નિજધામ ગમન દિવસની ભકિતભાવ પૂર્વક આધ્યાત્મિક ઉજવણી




વેરાવળ તા.૧૦

સોમનાથ ક્ષેત્ર જપ અને તપની ભૂમિ છે. આ ભૂમિ પર દરેક ચિંતા થી મુક્તિ મળે છે. એટલે જગતગુરુ શ્રી કૃષ્ણએ પોતાના વૈકુંઠ મહાપ્રયાણ માટે આ પવિત્ર ભૂમિને પસંદ કરી હતી. ગોલોક ધામ એ જ પાવન ભૂમી છે. જ્યાં શ્રી કૃષ્ણની ચરણરજ આ દિવ્ય સ્થાન માં સમાયેલ છે. જેથી જ પ્રભાસની ભૂમીને હરિ-હર ભૂમી કહેવાય છે, જ્યા ભગવાન શિવ પ્રથમ જ્યોર્તિલિંગ સ્વરૂપે અવતરીત થયા અને શ્રી કૃષ્ણએ સ્વધામ માટે આ ભૂમી પર થી પ્રયાણ કર્યું.

ગોલોક ધામ ભૂમી પર પરિવ્રાજક સ્વામી શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીએ ચાતુર્માસ કરેલ અને આ પાવન ભૂમી ખાતે શ્રી કૃષ્ણના સ્વધામ ગમન દિવસની શાસ્ત્રોક્ત અને જ્યોતિષ દ્રષ્ટીએ કાલગણના કરી હતી. જે પ્રમાણે ભગવાન શ્રી કૃષ્ણ એ ચૈત્ર શુક્લ પ્રતિપદા ના પાવન દિવસે બપોરના ૨ કલાક ૨૭ મીનીટ એને ૩૦ સેકન્ડ ના સમયે પૃથ્વીલોક થી સ્વધામ ગમન કરેલ હતું. આ પાવન દિવસે ગોલોકધામ દિન નીમીત્તે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગોલોકધામ ખાતે નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું, શ્રીકૃષ્ણ ને પ્રિય એવી ગૌમાતા નુ પુજન કરવામાં આવ્યું હતું. તેમજ બપોરના ૨ કલાક ૨૭ મીનીટ અને ૩૦ સેકન્ડના સમયે ભગવાન શ્રી કૃષ્ણએ પૃથ્વીલોક પરથી ગોલોકધામ ની ભૂમીથી સ્વધામ ગમન કરેલ એ જ ક્ષણે શ્રી કૃષ્ણની ચરણપાદુકાનું પુજન કરવામાં આવ્યું હતું, સાથે શંખનાદ, બાંસુરીવાદન જયઘોષ કરવામાં આવેલ આ ક્ષણે વાતાવરણ શ્રીકૃષ્ણના હરિ નામ રટણમાં લીન થયું હતું.

ગીતા મંદિર ખાતે સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના છાત્રો તેમજ સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિ કુમારો દ્વારા ગીતાજી પાઠ કરવામાં આવ્યા હતા. યજમાનશ્રી વેજાણંદભાઇ વાળા પરીવાર દ્વારા વિષ્ણુયાગ યજ્ઞ કરવામાં આવ્યો હતો. સાથેજ સંસ્કારભારતી દ્વારા ગોલોકધામ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ, સાંજે ભગવાન શ્રી કૃષ્ણની પાદુકાજીની મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમા ટ્રસ્ટ પરિવાર તથા અધિકારીઓ કર્મચારીઓ, ભક્તો સહિત યજ્ઞ યજમાન શ્રી વેજાણંદભાઇ વાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા.

# સોરઠીયા-જેતાણી પરિવાર દ્વારા કોટડાસાંગાણી ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરાયું

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૦

સોરઠીયા -જેતાણી પરિવાર દ્વારા કોટડાસાંગાણી ખાતે સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નુ કુળદેવી ખોડિયાર માતાજી ના મંદિર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૯-૪-૨૦૨૪ મંગળવાર થી તારીખ ૧૫-૦૪-૨૦૨૪ સુધી દરરોજ સવાર ના ૯-૦૦થી ૧૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ કલાક સુધી કથા શ્રવણ પુજ્ય વ્યાસપીઠ વક્તા શ્રી પુજ્ય પુરાણાચાર્યે શાસ્ત્રી શ્રી રવીન્દ્રભાઇ જોષી દ્વારા કરાવવામાં આવેલ છે.

દરરોજ રાત્રે નામાંકિત કલાકારો દ્વારા ભજન, સંતવાણી, લોકડાયરો,રાસ-ગરબા વિગેરે નુ આયોજન કરવામાં આવેલ છે.

સોરઠીયા -જેતાણી પરિવાર ના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી તથા સુરાપુરા દાદા ની કૃપા થી કોટડાસાંગાણી સરદાર પટેલ પાટી પ્લોટ પાસે ખોડીયાર માતાજી મંદિર ખાતે સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ સપ્તાહ દરમિયાન પાવન ઊત્સવ, પ્રસંગ ઝાંખી, શોભાયાત્રા, મહાત્મય કથા, શ્રીરામ પ્રાગટય, શ્રીકૃષ્ણ વિવાહ, સુદામા ચરિત્ર વિગેરે ધાર્મિક કાર્યકર્મોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા યજ્ઞમાં કોટડાસાંગાણી ની આસ પાસ ની પવિત્ર ધાર્મિક જગ્યાઓના સંતો મહંતો પણ હાજરી આપી આશીર્વાદ આપશે. કથાશ્રવણ માટે પધારેલા તમામ શ્રોતાઓ માટે બપોરે તથા સાંજના એમ બે ટાઈમ દરરોજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.




તારીખ ૧૩-૦૪-૨૦૨૪ ના અલ્પાબેન પટેલ તથા ભીખાભાઈ બુશા દ્વારા ભવ્ય લોકડાયરો નુ પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ને સફળ બનાવવા સોરઠીયા - જેતાણી પરિવાર ના સર્વે વડીલો ના માર્ગદર્શન હેઠળ પરિવારના યુવાન ભાઈ બહેનો સતત જહેમત ઉઠાવી મહેનત કરી રહ્યા છે.

# માંગરોળમાં રામનવમીની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાને લઈ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ દ્વારા વિવિધ સંગઠનો સાથે બેઠક યોજાઈ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

માંગરોળ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આગામી રામનવમી ની ભવ્ય શોભાયાત્રા ની તૈયારીઓને લઈ વિવિધ ધાર્મીક સામાજીક રાજકીય સંગઠનના આગેવાનો વેપારી અગ્રણીઓ સાથે હરીકીર્તનાલય શ્રીરામ ધુન મંદિર ખાતે એક બેઠક નુ આયોજન કરાયુ.



માંગરોળમાં આગામી ૧૭ એપ્રિલ રામનવમી ના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ અને શ્રીરામ ધુન મંડળ ના નેજા હેઠળ વિવિધ સંગઠનો અને સમસ્ત હિન્દુ સમાજ લોકો સાથે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવશે ત્યારે આ શોભાયાત્રામાં કલાત્મક ફ્લોટ્સ સાથે મોટી સંખ્યામાં ભાવિકો જોડાય તે માટે સુઘળ વ્યવસ્થા જાળવવા તેની પૂર્વ તૈયારી ના ભાગ રૂપે એક બેઠક બોલાવવામાં આવી હતી. આ રામ જન્મોત્સવ ની શોભાયાત્રા ભવ્યાતિભવ્ય બનાવવા માટે દરેક હિન્દુ સંગઠનો ધુન મંડળીઓ સામાજિક સંસ્થાઓ દરેક હીંદુ સમાજ ના પટેલો પ્રમુખો પોતાના ફલોટસ સાથે જોડાઈ આ શોભાયાત્રા ને ભવ્યાતિભવ્ય બનાવે તેવી વિશ્વ હિન્દુપરિષદ એ હાકલ કરી હતી અને આ શોભાયાત્રા ભવ્યાતિભવ્ય નીકળે તેના માટે વિશ્વ હિન્દુપરિષદ બજરંગદળ તેમજ દરેક હીંદુ સંગઠનો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે, તેમજ આ બેઠકમાં શોભાયાત્રાની તૈયારી માટે જુદા જુદા કામો અને આયોજનની ચર્ચા વિચારણા કરાઈ હતી તેમજ ઉપસ્થિત આગેવાનોએ આ શોભાયાત્રા ભવ્યાતિભવ્ય નિકળે તે માટે અલગ અલગ સુચનો પણ કર્યા હતા ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા માંગરોળ શહેર અને તાલુકાની ધર્મપ્રેમી જનતા ને રામનવમી દિવસે બપોર બાદ પોતાના ધંધા રોજગાર બંદ રાખી બહોળી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાવવા અપીલ કરવામાં આવી હતી.

# શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા શ્રી કોટી ગાયત્રી મહાયજ્ઞની તૈયારીઓ ને આખરી ઓપ આપવામાં આવ્યો




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૦

આગામી ૧૯ એપ્રિલ ૨૦૨૪ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪ સુધી દ્વારકાના જુના ચરકલા રોડ પર આવેલ દ્વારકેશ ૫૦૫ સ્કૂલ મેદાન પર દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા શ્રી કોટી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે જેની તૈયારીઓ પૂર્ણ થઈ છે. આજરોજ સમસ્ત જ્ઞાતિ ની મીટીંગનું આયોજન બ્રહ્મપુરી નંબર ૧ખાતે સાંજે ૭:૩૦ વાગ્યે કરવામાં આવ્યું. વર્તમાન જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય,મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી,જ્ઞાતિ કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો,સલાહકાર સમિતિ સદસ્યો, કાનૂની સલાહકાર સમિતિ પ્રમુખ પ્રદીપભાઈ ઉપાધ્યાય,જ્ઞાતિ પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પુરોહિત,જ્ઞાતિ આચાર્ય ઘનશ્યામભાઈ પુરોહિત, વત્સલભાઈ પુરોહિત, દિનેશભાઈ ત્રિવેદી, મહિલા મંડળ પ્રમુખ હેમાબેન ઠાકર, મહિલા મંડળ સદસ્ય,પંડા સભા સદસ્યો, સામાજિક કાર્યકરો, જ્ઞાતિના તમામ અબાલ વૃદ્ધ વિશેષ ઉપસ્થિત રહ્યા.આ પ્રસંગે પ્રમુખ દ્વારા સમગ્ર આયોજનની રૂપરેખા આપવામાં આવી.ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના ૧૪ કુટુંબોના પ્રતિનિધિઓ તેમજ ૭ વિશેષ યજમાનો એમ કુલ ૨૧ યજ્ઞ કુંડ માં કુલ ૧૨,૫૦,૦૦૦ ગાયત્રી મંત્ર દશાંશ હોમ તેમજ ૧ કરોડ ૨૫ લાખ ગાયત્રી મંત્રનો જાપ અનુષ્ઠાન કરવામાં આવશે.સંતો મંતો તેમજ અનેક રાજકીય આગેવાનો ની વિશેષ ઉપસ્થિત રહેશે.

# વિસાવદર ડિસ્ટ્રીકટ કોર્ટનો સીમાચિન્હ રૂપ ચુકાદો

# એક વ્યક્તિને સામાન્ય એવું નુકસાન થતું હોય અને તેની સામે વિશાળ જન સમુદાયને ફાયદો થતો હોય ત્યારે મનાઈ હુકમ મળી શકે નહિ : એડવોકેટ નયન જોશી

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદરતા.૧૦

વિસાવદર ના પી.જી.વી.સી. એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૧)ના વિજલાઈન ખેડૂતની જમીનમાંથી પસાર કરવા કાર્યવાહી કરતા નાના હડમતીયા ગામના પોપટભાઈભીખાભાઈ પોકિયા તથા જાદવભાઈ ભીમાભાઈ પોકિયા તરફથી તેમના ખેતર માથી વીજ લાઇન પસાર કરવા કે થાંભલા ખોડવા સામે પી.જી.વી. સી.એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૧)ની કચેરીમાં વાંધો લેવામાં આવેલ અને જ્યારે આવો વાંધો ખેડૂત તરફથી લેવામાં આવે ત્યારે પી.જી.વી. સી. એલ.કંપનીના અધિકારીને ઈન્ડિયન ટેલિગ્રાફ એકટની જોગવાઈઓ મુજબ લાઈન પસાર કરવાના અધિકાર રહેતા ન હોય અને જિલ્લા મેજિસ્ટ્રેટ ની કચેરીની મંજુરી વગર પી.જી.વી. સી.એલ. કંપનીના અધિકારીને લાઇન પસાર કરવાનો અધિકાર નથી તેવી લેખિતમાં રજુઆત કરતા પી.જી.વી. સી. એલ. કંપનીના જુનાગઢ ના મુખ્ય અધિકારી બી.ડી.પરમાર સાહેબની સૂચનાથી પી.જી.વી. સી. એલ. કંપનીનાસબ ડિવિઝન નંબર (૧)ના અધિકારી દ્વારા પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર સમક્ષ લાઇન પસાર કરવાનીમંજૂરી માંગવા કેસ દાખલ કરવામાં આવેલ હતો જે કેસમાં પ્રાંત અધિકારી દ્વારા ખેડૂતના ખેતરના સેઢેથી લાઇન પસાર કરવાની પી.જી. વી.સી. એલ.કંપનીને મંજુરી આપવામાં આવેલ હતી.ત્યારબાદ ખેડૂતો તરફથી પ્રાંત અધિકારીના હુકમને પડકારી ખેડૂતની જમીન માથી વીજ લાઇન પસાર કરવાના હુકમને પડકારી તે હુકમ રદ કરવાની માંગ સાથે વિસાવદરના પ્રાંત અધિકારીને આવો હુકમ કરવાની સતા કાયદાથી ન હોય તેવી તકરાર સાથે અપીલ કરી લાઇન પસાર કરવાના નિર્ણય સામે વળતરનો હુકમ થયેલ ન હોય તેવી તકરાર સાથે મનાઈ હુકમની માગણી કરતી અરજી કરેલ હતી જેમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી તેમના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી તરફથી વાંધો લઈ ઉચ્ચઅદાલતો ના ચુકાદાઓ રજૂ કરી વચગાળાના તબક્કે આવો હુકમ થઈ શકે નહીં તેમજ એકવ્યક્તિને સામાન્ય એવું નુકસાન થતું હોય અને સામે વિશાળ જનસમુદાયને ફાયદો થતો હોય ત્યારે એક વ્યક્તિનું નુકસાન દયાને લઈ શકાય નહીં



અને વાંધો લેનારને વીજ પુરવઠો મળ્યા બાદ ગામમાં અન્ય કોઈ વ્યક્તિને વીજ પુરવઠો ન મળે તેવા હેતુથી અરજી લાવેલ હોય તેમજ કંપનીની કાયદેસરની કાર્યવાહી કરતા અટકાવવા વાંધો લેવામાં આવેલ હોય તે સબધેની રજુઆત કરતા અને નાયબ કલેકટર તરફથી સરકારી વકીલ વિજયભાઈ માઢકની રજુઆત દયાને મનાઈ હુકમની અરજી રદ કરવા રજુઆત કરતા વિસાવદરના અધિક ડિસ્ટ્રીકટ જજ જયેશકુમાર શ્રીમાળી દ્વારા મનાઈ હુકમની અરજી રદ કરવા હુકમ કરેલ છે.

# કિશોર - કિશોરીઓ માટે પાલિતાણા અને મહુવા ખાતે સાત દિવસીય વિપશ્યના શિબિર નું નિઃશુલ્ક આયોજન

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૦

આગામી તા. ૧૭/૪ થી ૨૫/૪ ના રોજ ૧૫ થી ૧૯ વર્ષ ના તરુણો માટે વિશેષ શિબિર નું આયોજન કરવામાં આવેલ છે. પાલીતાણા વિપશ્યના કેન્દ્ર- 'ધમ્મપાલી' ખાતે કિશોરીઓ માટે તેમજ મહુવા વિપશ્યના કેન્દ્ર- 'ધમ્મજળાશય' ખાતે કિશોરો માટે સાત દિવસીય નિવાસી શિબિર નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. આજનું યુવાધન જ્યારે સોશિયલ મીડિયા માં ગળાડૂબ થઈ પોતાની સાચી દિશા નક્કી કરવામાં અસમર્થ થતું જાય છે અને મૂંઝાયેલા માબાપ પણ માર્ગ ઝંખે છે કે જેનાથી તેમનું સંતાન મન ની દિશા અને દશા ને સાચા રસ્તે વાળી શકે. વર્તમાન સમય માં આ અને આવી બીજી અનેક સમસ્યાઓનું સમાધાન કરનારી પદ્ધતિ એટલે વિપશ્યના. આ ધ્યાન પદ્ધતિથી આબાલવૃદ્ધ સૌ કોઈ ને ભૂતકાળમાં અને વર્તમાનમાં નોંધપાત્ર લાભ થયા છે. આપણા નજીકના ક્ષેત્રમાં થનારી આ શિબિર નો લાભ આપનાં પરિચિત તરુણો ને ચોક્કસ લેવડાવીએ. વધુ માહિતી માટે ઉપર બારકોડ આપેલ છે જેને સ્કેન કરવાથી વધુ માહિતી તેમજ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે વધુ માહિતી માટે ૭૦૧૬૩૪૪૩૦૦ પર સંપર્ક કરવા અખબારી યાદી મા જણાવેલ છે.

# ઉના : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે સહજાનંદ પૂજન ઉત્સવ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૦

ઊના શહેરમાં રોકડીયા હનુમાન મંદિર સામે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટની સંસ્થા આનંદગઢ ગુરૂકુળમાં દર માસના નિયમ મુજબ સહજાનંદ પૂજન ઉત્સવ પ.પૂ. સદગુરૂ પુરાણી સ્વામી ધરમવલ્લભ દાસજીના સાનિધ્યમાં સવારે શ્રી ઘનશ્યામ મહારાજને અભિષેક સત્સંગ વાર્તા, ચાખડી પૂજન, શ્રી ઘનશ્યામ મહારાજને હરિ ભક્તો દ્વારા ધાન્ય અભિષેક ચોખાથી કરવામાં આવેલ ત્યારબાદ સદગુરૂ ગોપાળાનંદ સ્વામી રચીત સ્વામિનારાયણ બીજ મહામંત્રનો હોમાત્મક યજ્ઞ યોજાયો હતો જેમાં મહિલા વિભાગમાં સાંખ્યોગીની માતા દ્વારા મહિલા હરિ ભક્તોને યજ્ઞમાં મહા મંત્રીની આહુતી આપી હતી અને હરિ ભક્તોએ યજ્ઞ શાળાની ફરતે પ્રદક્ષિણા કરી ધન્ય બન્યા હતા તેમજ સહજાનંદ સત્સંગ સભા યોજાઈ હતી.

## અવસાન નોંધ

મૂળ માંગરોળના હાલ જુનાગઢ રહેવાસી રાજુભાઈ સી.જોશીના પુત્ર તેમજ હિતેશભાઈ, કૈલાસભાઈ, રાજેશભાઈ, બબનભાઈ પંડિતના ભાણેજ હેતવંશ (ઉ.વ.૭) તા-૦૭-૦૪-૨૦૨૪ને રવિવારના રોજ અવસાન થયેલ છે.સદગતનુ બેસણું માંગરોળ મુકામે મુરલીધર વાડી ખાતે તા-૧૧-૦૪-૨૦૨૪ને ગુરુવારે સાંજે ૪ થી ૬ અને જુનાગઢ મુકામે વિશ્વાસ સીટી કોમ્યુનિટી હોલ,ૐ નગર,ખલીલપુર રોડ ખાતે તા-૧૨-૦૪-૨૦૨૪ને શુક્રવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

# માંગરોળ નજીક અકસ્માત થતાં ભાજપ મહામંત્રી ઈજાગ્રસ્ત થતાં સારવાર અપાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

માંગરોળ તાલુકા ના શકિત કેન્દ્ર વાઈઝ ભાજપ દ્વારા આગામી દિવસો મા મોદી પરિવાર સભા નુ આયોજન કરવામાં આવેલ હોય તે બાબતે ગઈ કાલે સવારે અગ્યારેક વાગ્યે વાડીએ થી તાલુકા ભાજપ મહામંત્રી શ્રી દાના ભાઈ ખાંભલા માંગરોળ તરફ પોતાના મોટર સાયકલ પર જતા શારદાગ્રામ ખીજડી પછી હાઈવે ઉપર કુતરું આડું આવતા ગંભીર અકસ્માત થતાં માંગરોળ સરકારી હોસ્પિટલ થી વધારે સારવાર અર્થે રિફર કરતા કેશોદ ડો.શાંગાણીની હોસ્પિટલ મા એડમીટ કરેલ જયાં કેશોદ ધારા સભ્ય શ્રી દેવાભાઈ માલમ દોડી ગયેલ જે આજે સ્વસ્થ થતાં ઘરે ડો.રાજેશ શાંગાણીએ માથા ની ઈજા હોય થોડા દિવસ આરામ કરવા જણાવેલ.

# શ્રી જગન્નાથજી મંદિર ખાતે લીંબોચ માતાજીનાં દ્વિતીય હવન-મહાપ્રસાદનું આયોજન



જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢમાં શ્રી જગન્નાથજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી નિમિતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ સમિતિ દ્વારા વાણંદ સમાજનાં આદ્ય કર્મ કુળદેવીમાં શ્રી લીંબોચ માંનો દ્વિતીય હવન તેમજ દર્શન, મહાપ્રસાદનું આયોજન તા.૧૬/૪/૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે જેમાં હવન સવારે ૭થી બપોરે ૧૨:૩૦ બીડું હોમવામાં આવશે. ત્યારબાદ મહાપ્રસાદ આપવામાં આવશે. આથી શહેર તેમજ તમામ પરા વિસ્તારમાં રહેતા શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિને આ કાર્યક્રમમાં સહ પરિવાર પધારવા પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમાએ એક યાદીમાં જણાવેલ છે.

# ગીર સોમનાથ જીલ્લામાં ઉનાળુ વાવેતર પુર્ણ

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાણ તા.૧૦

ગીર સોમનાથ જીલ્લાનું ઉનાળું વાવેતર મહદ્અંશે પુર્ણ થયેલ છે. જીલ્લામાં કુલ ૫૧૧૮૦ હેકટરમાં જીલ્લાના છ તાલુકાઓમાં વાવેતર થયેલ છે. જેમાં બાજરી ૭૮૯૫, મગ ૬૮૩૦, અડધ ૧૪૦૧૦, મગફળી ૧૩૯૧, તલ ૭૨૭૭ અને શેરડી ૯૫૬, શાકભાજી ૩૪૩૦, ઘાસચારો ૯૧૯૫, અન્ય પાક ૧૯૬નો સમાવેશ થાય છે. અડદની વાત કરીએ તો વેરાવળ તાલુકામાં ૬૭૦૫, તાલાળા ૨૯૭૫, સુત્રાપાડા ૨૨૮૦, કોડીનારમાં ૧૧૦૦, ગીર ગઢડામાં ૬૫૦, ઉનામાં ૩૦૦ સહિત કુલ ૧૪૦૧૦ હેકટરમાં વાવેતર થયેલ છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જૈમિની સુભાષભાઈ પાલા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જલ્પા જીગર જોગીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**જલ્પા જીગર જોગીયા**

બી/૨, ૩૦૨, રોયલ એપા. જલારામ સોસાયટી,

તળાવ દરવાજા, જૂનાગઢ - ૩૬૨૦૦૧

# જૂનાગઢમાં સિંધી નૂતન વર્ષ ચેટીચંડની ધામધુમથી ઉજવણી, કાલે શોભાયાત્રા

## આજે શહેરમાં બહિરાણા સાહેબનું પરીભ્રમણ, બપોરે ભંડારો, સાંજના મ્યુઝીકલ પાર્ટી, સમુહ પ્રસાદ ભોજન સહિતના કાર્યક્રમો સાથે આયો લાલ ઝુલેલાલના નાદ સર્વત્ર ગુંજી ઉઠશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

સિંધી નૂતન વર્ષ ચેટીચંડ પર્વની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહથી, ધામધુમથી ઉજવણી કરવામાં આવી રહી છે અને અનેક વિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને આવતીકાલે શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવેલ છે જેમાં સૌરાષ્ટ્રમાંથી ૩૫થી વધુ ઝાંખીઓ આ શોભાયાત્રામાં જોડાશે અને જે અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સિંધી નૂતન વર્ષ ચેટીચંડની ભવ્યતી ભવ્ય ઉજવણીનો આજથી પ્રારંભ થયો છે અને આવતીકાલે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવનાર છે. જૂનાગઢમાં ઝુલેલાલ સેવા ટ્રસ્ટ દ્વારા સિંધી નૂતન વર્ષ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આજે સિંધી નૂતન વર્ષ અંતર્ગત બપોરે ૧૨ કલાકે બહિરાણા સાહેબનો ભંડારોના કાર્યક્રમ યોજાયો છે. જયારે સાંજના ૮ કલાકે જય ઝુલેલાલ મ્યુઝકલ પાર્ટીનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ ઝુલેલાલ વાડી ખાતે યોજવામાં આવશે. ઝુલેલાલ સેવા મંડળ તથા સમસ્ત સિંધી પંચાયત જૂનાગઢ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરમાં ફરશે તેમજ સાંજે ૮ કલાકે સિંધી સંગીત મ્યુઝીકલ પાર્ટીનું પણ આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં ચેટીચંડ પર્વની ઉજવણી અંતર્ગત લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા આજે સાંજે ૫ઃ૩૦ કલાકથી માંગલ્ય પાર્ટી પ્લોટ જૂનાગઢ ખાતે જ્ઞાતિ સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તમામ સિંધી પરિવારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. ભાગચંદભાઈ સુખવાણી (કાળુભાઈ) તેમજ લાલચંદભાઈ ગહેલાણીના માર્ગદર્શન હેઠળ યોગેશભાઈ ઢાલાણી, નિતીનભાઈ સુખવાણી અને કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. વિશેષમાં જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ચેટીચંડ પર્વની ઉઝવણી અંતર્ગત આજે અને આવતીકાલે બે દિવસ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે ત્યારે જૂનાગઢમાં આવતીકાલ તા.૧૧ એપ્રિલ અને ગુરૂવારે રેલ્વે સ્ટેશન ખાતેથી બપોરના ૩ કલાકે એક ભવ્ય શોભાયાત્રા યોજાશે. જેમાં સૌરાષ્ટ્રમાંથી ૩૫થી વધુ ઝાંખીઓ જોડાશે. જેમાં વંથલી, માણાવદર, બાંટવા, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર, ધોરાજી, ઉપલેટા, અમરેલી, ધારી, જેતપુર, ગોંડલ, રાજકોટ, જામનગર, માળીયા, કેશોદ, વેરાવળ, તાલાળા, કોડીનાર, મેંદરડા અને જૂનાગઢના બહિરાણા મંડળીઓ અને ઝાંખીઓ ભાગ લેશે.

આ શોભાયાત્રા રેલ્વે સ્ટેશનથી શરૂ થશે અને વિવિધ વિસ્તારોમાં ફરી દામોદર કુંડ ખાતે સંપન્ન થશે. ત્યાં ઝુલેલાલ સાહેબની જયોત પધરાવવામાં આવશે. શોભાયાત્રા પુર્ણ થયા બાદ રાત્રે શોભાયાત્રામાં જોડાયેલા ઝાંખીઓને મેડલ અને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવશે. આ ઉપરાંત માંગનાથ બજારમાં સૌ સિંધી સમાજના વેપારીઓ દ્વારા પોતાના ધંધા-રોજગાર, દુકાનો આગળ કમાનો બાંધીને ઉજવણી થશે તેમજ દુકાનો આગળઘ સરબત, છાશ, જયુશ, ચણા, ગાંઠીયાના પ્રસાદનું વિતરણ થશે. તેમજ બેન્ડવાજા વગાડીને રાસ લેવામાં આવશે અને ચેડીચંડની ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે બપોરે યોજાનાર શોભાયાત્રામાં સિંધી સમાજના પરિવારો સંતો, ભાવિકો જોડાશે તેમજ આ શોભાયાત્રામાં વિવિધ ફલોટ પણ જોડાશે. સિંધી નૂતન વર્ષ ચેટીચંડ પર્વની ઉજવણી અંતર્ગત આજે અને આવતીકાલે એમ બે દિવસ ભવ્યાતી ભવ્ય ઉજવણી સાથે ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે અને આયો લાલ ઝુલેલાલના નાદ સર્વત્ર ગુંજી રહ્યા છે.

# વંથલી નજીક બાઈકને છકડો રિક્ષાએ હડફેટ લેતા જૂનાગઢનાં આશાસ્પદ યુવાનનું મૃત્યું

## અકસ્માતમાં મૃતક યુવકના મિત્ર અને રિક્ષા ડ્રાઈવરને પણ ઈજા

જૂનાગઢ તા. ૧૦

વંથલી નજીક બાઈકને છકડો રિક્ષાએ હડફેટે લેતા જૂનાગઢનાં આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજયું હતું અને આ અકસ્માતમાં મૃતકના મિત્ર, રિક્ષા ચાલકને પણ ઈજા થતા સારવારમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં ભારત મિલના ઢોરા પાસે રહેતો રિયાઝ વલીમહમદ સુમરા (ઉ. વ. ૨૨) અને તેનો પાડોશમાં રહેતો મિત્ર મહેશ કાંતિભાઈ ચૌહાણ ગઈકાલે મંગળવારે સવારે મહેશના જીજે-૧૧-સીકે-૭૪૨૮ નંબરના બાઈક ઉપર બેસીને કામ સબ વંથલી જવા નીકળ્યા હતા. દરમ્યાન રસ્તામાં વંથલી નજીકના શાપુર ચીપીયા પાસે હાઈવે ઉપર જીજે-૧૧-ઝેડ-૭૯૮૮ નંબરની છકડો રીક્ષાના વંથલીના ચાલક યાસીન દુદાભાઈ સિપાહીએ બાઈકને હડફેટે લેતા બંને મિત્રો બાઈક પરથી ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં બંને મિત્રો તેમજ રીક્ષા ચાલકને ઈજા થતાં ત્રણેયને જૂનાગઢ સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અને રિયાઝનું સારવાર કારગત નિવડે તે પહેલા મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત અંગે મૃતક યુવકના પિતા વલીમહમદ સુમરાની ફરિયાદ લઈ વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# કેશોદ : ગાડીની નુકસાનીના એક લાખ રૂપીયાની માંગણી સાથે ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦


કેશોદ-જૂનાગઢ નેશનલ હાઈવે રોડ ઉપર અગતરાય ગામના પાટીયા પાસે બનેલા બનાવ અંગે ગાડીને નુકસાની કરવા અંગે રૂા.૧ લાખની માંગણી કરી અને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં મધુરમ, રામાપીર વાળી શેરી નજીક રહેતા પ્રશાંત શૈલેન્દ્રશી યાદવ(ઉ.વ.૧૯)એ ધર્મેશભાઈ ચંદ્રાવાડીયા રહે.ઉપલેટા તથા અજાણ્યા વ્યક્તિ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ આરોપીની ફોરવ્હીલ રજી.નં.જીજે-૧૧-બીઆર-૯૧૪૧ વાળી ચલાવી અકસ્માત કરતા ગાડીમાં નુકશાની થયેલ હોય જે નુકશાનીના રૂપીયા એક લાખ માંગી ફરિયાદીને આરોપીઓએ મળી પાઈપથી ફરિયાદીના ડાબા સાથળમાં તથા ડાબા હાથમાં પાઈપ મારી તથા સાહેદ માનવને ઢીકાપાટુનો માર મારી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી કેશોદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં જીઆઈડીસી-૨ નજીકથી લોખંડ કાપવાના ઈલેકટ્રીક મશીનની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં જીઆઈડીસી-૨ નજીક પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ઓફિસ ખાતેથી લોખંડ કાપવાના ઈલેકટ્રીક મશીન ચોરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ફરિયાદી આરીફભાઈ હાજીભાઈ મંધરા(ઉ.વ.૫૮) (રહે.દોલતપરા)એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીની એજન્સીનું કામ જૂનાગઢ જીઆઈડીસી-૨, વનરાજ બેસન સામે, પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ઓફિસ ખાતે ચાલતું હોય ત્યાંથી કોઈ અજાણ્યા ઈસમે ફોર્ટ-ઈ કંપનીનું લોખંડ કાપવાનું ઈલેકટ્રીક મશીન નંગ-૧ રૂા.૧૦હજારની કિંમતનું ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરી અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# જૂનાગઢમાં ભેળસેળ યુકત આયુર્વેદિક સીરપ પ્રકરણમાં ત્રણ વિરૂધ્ધ ગુનો દાખલ : બેની ધરપકડ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં આયુર્વેદિક સીરપની બોટલોમાં આલ્કોહોલ તેમજ કેમિકલ ભેળવી અને આ ભેળસેળ વાળુ સીરપ પીવાથી માણસનું મૃત્યું થવાની પુરેપુરી સંભાવના હોવાનું જાણવા છતાં આયુર્વેદિક સીરપમાં આલ્કોહોલ સહિતનું દ્રવ્ય મેળવી અને ભેળસેળ કરી ભેળસેળ યુકત સીરપને વેંચાણ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરૂ કરવા અંગે ત્રણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તપાસ દરમ્યાન બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં ૧૦ મહિના અગાઉ પોલીસે ૫ લાખનું ૫૮૧ બોટલ આયુર્વેદિક સીરપ કબ્જે કર્યું હતું. સીરપમાં ઈથાઈલ, આઈશો પ્રોપાઈલ આલ્કોહોલ ભેળસેળનો રિપોર્ટ આવતા અંતે વિશ્વાસઘાતનો ગુનો નોંધી ૨ શખ્સની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢના જોષીપરાના આંબાવાડી વિસ્તારમાં આશિયાના સોસાયટી પાસે આવેલ ઓમ શિવ પાન એન્ડ કોલ્ડ્રીક્સ નામની દુકાન ધરાવતો મુકેશ ઘનશ્યામભાઈ બજાજની દુકાનમાં ૯ જુન ૨૦૨૩ના રોજ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી દુકાન તેમજ આ દુકાનદારના રહેણાંક મકાનની પણ ઝડપી લેતા કુલ રૂપીયા ૫,૦૯,૨૩૪નો જુદી-જુદી કંપનીના આયુર્વેદિક સીરપની ૩૪૧૬ બોટલ કબ્જે લઈ મુકેશ બજાજની પુછપરછ હાથ ધરતા આયુર્વેદિક સીરપનો જથ્થો જૂનાગઢના રહેઠાણ ફળીયામાં રહેતા આદિલ દાઉદભાઈ મુલ્લા પાસેથી ખરીદ્યો હોવાનું અને આદિલે ભાવનગરના લખધીરસિંહ જાડેજા પાસેથી આયુર્વેદિક સીરપ મંગાવી મુકેશ ઘનશ્યામની વેંચાણ માટે આપ્યું હોવાનું ખુલ્યું હતું. આયુર્વેદિક સીરપના સેમ્પલ પૃથ્થકરણ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા. એફએસએલના અભિપ્રાય મુજબ આયુર્વેદિક સીરપમાં ઈથાઈલ આલ્કોહોલ અને આઈસો પ્રોપાઈલ આલ્કોહોલની હાજરી હોવાનું જણાયું હતું. આ આર્યુવેદિક સીરપ ૧૦૦ ટકા હર્બલ ન હોવા છતાં લોકો સાથે વિશ્વાસઘાત કરી અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાના ઈરાદે કે જે અખાદ્ય હોય જેનો ઉપયોગ કેમિકલ પ્રોડકટ તરીકે અને હેન્ડ સેનેટાઈઝરમાં થતો હોય તે વધુ પડતું પીવાથી માણસનું મૃત્યું થવાની સંભાવના હોવાનું જાણવા છતાં આયુર્વેદિક બોટલમાં ઉમેરી ગુનો આચરવામાં આવ્યો હોય જેથી સોમવારની રાત્રે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી.કે. ઝાલાએ ત્રણેય શખ્સ વિરૂધ્ધ જુદી-જુદી કલમ હેઠળ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી મુકેશ બજાજ અને આદિલ મુલ્લાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદર તાલુકાના નાનડીયા ગામે કુહાડી, લોખંડના પાઈપ વડે હુમલો કરી માર માર્યો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માણાવદર તાલુકાના નાનડીયા ગામે હુમલાનો એક બનાવ બનેલ છે. જેમાં કુહાડી તથગા લોખંડના પાઈપ વડે માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે અને સામસામી નોંધાયેલી ફરિયાદને પગલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી મધુબેન દેવશીભાઈ બોરીચા (ઉ.વ.૬૦) રહે.નાનડીયા ગામ વાળાએ મંગાભાઈ જેઠાભાઈ પરમાર, અસ્મીતાબેન મંગાભાઈ પરમાર, જગદિશભાઈ મંગાભાઈ પરમાર રહે.નાનડીયા વાળાઓ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદીને કહેલ કે તારા ઘરવાળા નજરના સારા નથી અને અમારા ઘરની સામે કેમ જોતા જાય છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો કાઢી આરોપી નંબર-૩ના હાથમાં કુહાડી હતી તેના વતી ફરિયાદી તથા સાહેદ દેવશીભાઈને માર મારી જેમાં સાહેદને મુંઢ ઈજાઓ તથા ફરિયાદીના જમણા હાથમાં કુહાડીનો ઘા મારી ઈજા કરી ગુનામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. જયારે આ જ બનાવના અનુસંધાને સામા પક્ષે ફરિયાદી અસ્મિતાબેન મનસુખભાઈ પરમાર (ઉ.વ.૪૫) રહે.નાનડીયા વાળાએ આ કામના આરોપી દેવશીભાઈ ગોવિંદભાઈ બોરીચા, દેવશીભાઈનો દિકરો દિપક, મધુબેન દેવશીભાઈ વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમના ઘરે રોટલીનો લોટ બનાવતા હતા ત્યારે આ કામના આરોપી નં-૧ દેવશીભાઈ ગોવિંદ બોરીચા તેના ઘરે જઈ અગાઉના ઝગડાનું મનદુઃખ રાખી અને સમાધાન કેમ કરતા નથી એમ કહી બોલાચાલી કરી ફરિયાદી સમજાવવા જતા આરોપી નં-૧ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાં રહેલ લોખંડનો પાઈપ ફરિયાદીના માથામાં મારી ઈજા કરી લોહી કાઢી અને આરોપી નં-૧ ઘરની બહાર નીકળી અને ફરિયાદી પણ ઘરની બહાર નીકળતા રોડ ઉપર આવતા આ કામના આરોપી નં-૨ તથા ૩ પણ આવી જઈ અને ત્રણેયએ લોખંડના પાઈપથી ડાબા હાથમાં તથા ૨ તથા ૩નાએ ઢીકાપાટુનો માર મારી શરીરે ઈજાઓ કરી તથા બાદમાં જતા રહી અને બાદમાં આરોપી નં-૩ પાછા આવી ફરિયાદીને પાટુથી માર મારી એકબીજાને મદદગારી કરી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી જીલ્લા મેજી.ના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદર તાલુકાના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે આવેલા ખેતરમાં માટી ફોરવા બાબતે હુમલો : જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માણાવદર તાલુકાના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે આવેલ ખેતરમાં માટી ફોરવા બાબતે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. માણાવદર પોલીસે આપેલી વિગત અનુસાર, કરશનભાઈ માલદેભાઈ મારડીયા (આહિર)(ઉ.વ.૪૫) રહે.કોયલાણા ગામની ઈલાસરી ધાર વાળાએ વિરમભાઈ હાજાભાઈ સોલંકી, બાવનભાઈ વિરમભાઈ સોલંકી, દેવાણંદભાઈ દુદાભાઈ સોલંકી રહે.કોયલાણા વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી પોતાના કોયલાણા ગામની ઈલાસરી ધાર ખાતે આવેલ ખેતરમાં ખેતર લેવલનું કામ કરતા હતા દરમ્યાન આ કામના આરોપીઓ કુહાડીઓ લઈ આવી શેઢા ઉપર પડેલ માટી નહી ફોરવા કહી જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ગાળો બોલવાની ના પાડતા આરોપી નં-૨એ કુહાડીથી એક ઘા ફરિયાદીને માથામાં મારી તથા આરોપી નં-૧ તથા ૩ નાએ પણ કુહાડીથી વાંસાના ભાગે માર મારી ઈજા કરી જતા જતા આજે તો તું બચી ગયો ફરીવાર અમારી સાથે ઝઘડો કરીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી એકબીજાને મદદગારી કરી તથા અધીક જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**પ્લોટ વેચાવ છે**

૨૧૨ વાર જગ્યા
કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

